ગ્રન્થાર્પણ.

શ્રી સદ્‌ગુરુર્વિજયતેતરામ.

જય જય ગુરુજ્ઞાતા, મનમુદમાતા, છો ભયત્રાતા, સુખદાતા,
પ્રભુ પ્રાણપ્રમાતા, છો પિતુમાતા, ભગિની ભ્રાતા, અવદાતા,
વિભુ વિશ્વ વિધાતા, નિજ જન વ્હાતા, દેજો નિશદિન સુખશાતા.
ગુરૂવર ગુણગાતા, ભવદુઃખ જાતાં, શિષ્ય સદા સુખીયા થાતા.
કરી [illegible]રિની સેવા, પ્રભુપદ લેવા, મુક્તિમેવા ગુરૂદેવા!
ઉર ભક્તિ પ્રવાહા, નિજહિત થાવા, પ્રભુ ગુણ ગાવા, કરી સેવા.
તે શ્રી પદ ધરીયે, ભવ ઉદ્ધરીયે, પૂજન કરીયે, મહાદેવા,
ગુરૂ! સ્વીકાર કરજો, દોષો હરજો, શિર કર ધરજો, શ્રી દેવા.

મહાત્મન્!

આ ભવાટવીના તિમિરનો ઉચ્છેદ કરનાર સદ્‌ગુરૂ આચાર્ય મહાત્મા શ્રી ભાણગુરૂ, તત્ પ્રતિમાની પ્રતિકૃતિ મહાત્મા શ્રી રવિરામ ગુરૂ, તત્પદાનુગત શ્રી ખેમગુરૂ, મોરાર ગુરૂ, તથા આ શરીરની પૂર્વાશ્રમની સાધુદિક્ષાના દેશિકવર શ્રી રાધિકાચાર્ય ગુરૂ અને શેરખીના સાંપ્રત સ્થાનાધીશ મહારાજ રાઘવપ્રસાદજી તથા આ પ્રસ્તુત આશ્રમના મંત્રપ્રદાતા ગુરૂવર પારિવ્રાજક પરમહંસ મહારાજ સ્વામીજી, તથા મહારાજ જાનકીદાસજીના ગુણજ્ઞાનપ્રતાપ—મહિમાથીજ આ ઇશ્વરસ્મરણ અને ભગવદ્‌ભજનના કાલાવાલા કીધા છે, એ કાલાવાલાની બાલવાણી રૂપ આ પ્રથમ પુષ્પમાલિકા, આપ સર્વ સંત મહંત મહાત્માઓનાંજ શ્રીચરણમાં સમર્પણ કીને કૃતકૃત્ય થાઉં છું.

આપ સર્વ સંત મહાત્માઓનો
ઉપકૃતાવનત દાસ હરિહરાનંદ

પ્રસ્તાવના.

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ॥

गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणतोस्म्यहम् ॥

આજ કાલ કલિકાળમાં ધર્મ કર્મ અને ભક્તિ મા[illegible] ધર-પરાયણતા, આસ્તિકતા તેમજ સત્સંગતિની સર્વત્ર શિથિલતા થતી જણાય છે; લોકોની વૃત્તિ અને રૂચિ કંઇક એવી વિચિત્ર પ્રકૃતિ ધારણ કરતી જણાય છે કે આપણા આર્યસમુદાયમાં પરાપૂર્વથી જે વસ્તુને અલૌકિક, પરંપ્રાપ્તવ્ય અને જીવનના આધારરૂપ સમજવામાં આવતી, એ વસ્તુને આજે હાસ્ય–ઉપહાસ અને બાળખેલ જેવી સમજવા લાગ્યા છે. ધર્મ—આ અખિલ બ્રહ્માંડને ધારણ કરનારો સર્વ વ્યાપક સ્તંભ મનાતો, ધર્મ-જેને માટે તન-મન-ધન અર્પણ કરવામાં આનંદ સમજાતો અને ધર્મ જેને માટેજ આર્યજીવનની પ્રત્યેક પળ નિત્યનિયમનાં કર્મ અનુસાર યોજાયેલી હતી, એ ધર્મની આજે સર્વત્ર ઉપેક્ષા થવા લાગી છે.

લોકોની શાસ્ત્ર અને સાધુ–સંતો ઉપરથી શ્રદ્ધા ઉઠતી જાય છે, ઇશ્વર–આરાધના અને દેવસેવાનો મહિમા દિવસે દિવસે ઘટતો જાય છે, ભજન–પૂજનનો ભાવ પણ કાળબળ પ્રમાણે ન્યૂનતાને પામતો જાય છે અને સર્વત્ર જ્યાં નજર નાખવામાં આવે ત્યાં ઉચ્છૃંખળતા, ધૃષ્ટતા અશ્રદ્ધા અસૂયા તેમજ અકર્મણ્યતાની અંધતામસિકતા ફેલાતી

જાય છે. કુલોચિત લજ્જા-મર્યાદા તો ભૂમંડલનો ત્યાગ કરી ગઇ હોય એવું લાગે છે. ન્હાનાઓ મ્હોટાને બદે નહી, વડીલની આમન્યા પાળે નહીં, વર્ણાશ્રમના ધર્મ–કર્મને કોઇ સંભારે પણ નહીં. પ્રભુભજનમાં પ્રેમવૃત્તિ ધારે નહીં; ભગવાંધારી ઉપર પણ ભક્તિભાવ બતાવે નહીં. ઇશ્વરના બ્હાનાંને પણ બદે નહીં; આવી આજના નવા સુધારાની નવી ઝડઝમક ખરેખર ખંતીલા અને ધાર્મિક પુરૂષોને ખેદ કરાવે તેવી છે, આવા આ વિચિત્ર જમાનામાં સંત–સાધુ તેમજ સજ્જનોનો મુખ્ય ધર્મ એજ છે કે શાસ્ત્ર અને સદ્ગુરૂપરથી લોકોની જે શ્રદ્ધા ઉઠવા લાગી છે, તે પાછી સ્થિર થાય, ધર્મનો મહિમા સમજાય ઇશ્વર આરાધનાથી તેમના આત્માનું આલોક અને પરલોકમાં કલ્યાણ થાય અને અંતે અમોઘ મોક્ષસુખનો આનંદ માણવાની માનવમાત્રને યોગ્યતા પ્રાપ્ત થાય એવા ઉપાયો યોજવા.

આવા ઉપાયોમાં ધાર્મિક વિચારો; પ્રભુભક્તિનાં પદો, નિત્ય કર્મનવિધિ, પ્રભુનો મહિમા, ધર્મ, અર્થ કામ ને મોક્ષ એ ચારે પુરૂષાર્થો સિધ્ધ કરવાના સાધન રૂપ, કર્મ, જ્ઞાન અને ભક્તિ માર્ગનું નિરૂપણ આદિ મનુષ્યનાં શ્રેષ્ઠ અને ધાર્મિક જીવનમાં જે જે વિષયો પરમ ઉપયોગી જણાય, તેમનું યથાવિધિ શાસ્ત્રોક્ત રીતિયે મહાત્મા શ્રી હરિહરાનંદ મહારાજ પરમહંસે ઉત્તમ નિરૂપણ કીધું છે અને તેની સાથે પોતાની પૂર્વાશ્રમની સાધુ–દિક્ષામાં તેમજ આ અંતિમ આશ્રમમાં પણ ભક્તિ, જ્ઞાન, ધર્મ, કર્મ, વૈરાગ્ય તેમજ આરાધનાનાં તેમણે જે રસીલાં પદો રચ્યા છે તેમનો આ એક નમુના રૂપનું સંગ્રહ છપાવવાની ઈશ્વરી પ્રેરણા થઇ છે, ન્હાનો આ ગ્રન્થ

આજે ધાર્મિક આર્ય બન્ધુઓના કરકમલમાં સાદર કરવામાં આવે છે, તે જો શ્રદ્ધાળુ સજ્જનોને રૂચિકર જણાશે તો એજ મહાત્માનાં બીજાં ઘણાં પદ–ભજનોનો બાકી રહેલો મસ મ્હોટો સંગ્રહ પણ પ્રકટ કરી ને પ્રજાની સેવામાં હાજર કરવામાં આવશે.

વાસ્તવિક તો આ ગ્રન્થ પ્રકટ કરવાનો હેતુ માત્ર એજ છે કે—

कोचिद्द्युमनाय धावन्ति प्रद्युमनाय च केचन ।

उद्युंक्ते न कोऽपि धर्माय सर्वाभिप्रेतहेतवे ॥

આજે ઘણા પુરૂષો રમાની પાછળ અને ઘણા પુરૂષો રામાની પાછળ દોડાદોડી કરી રહ્યા છે, પણ રમા અને રામાના અધિરાજ શ્રીરામ તેમનું તો કોઇ ખરા પ્રેમથી આજે નામ પણ લેતું નથી. એ ભવજલતારક રામનામથી મ્હોટા પહાડ અને પત્થર પણ તર્યાં હતા ત્યારે ચેતનની વિભૂતિવાળાં સર્વ પ્રાણીમાં શ્રેષ્ઠ એવાં મનુષ્યો શ્રી રામનામ પ્રતાપે અજરામર પદને પામે તેમાં આશ્ચર્ય શું ? અર્થાત્ શ્રી હરિપદમાં પ્રીતિ વધારવાના હેતુથીજ આ ગ્રન્થ પ્રકટ કીધો છે, તેથી તેનુ મૂલ્ય પણ યથાવ્યય બહુજ અલ્પ રાખવામાં આવ્યું છે અને આશા છે કે શ્રદ્ધાળુ શ્રીમન્તો આવાં ધર્મ-કર્મનાં પરમ ઉપયોગી પુસ્તકને યોગ્ય અધિકારીઓમાં મફત વહેંચવા માટે સામટાં ખરીદી, તેમનો યોગ્ય ઉપયોગ કરશે કરાવશે અને ઉત્તમ દાન-પુણ્ય તેમજ ધર્મ સેવાનું ફળ પામશે. મહારાજ શ્રીનાં લખેલાં પદો જૂની પદ્ધતિ અનુસાર હોવાથી તેમનું સંશોધન કરીને આજના જમાનાને રૂચિકર થાય એવી રીતે શુદ્ધ ભાષામાં મૂકવા માટે પણ યથા સાધ્ય શ્રમ લીધો છે. તેથી આશા છે કે વાચકો સંતુષ્ટજ થશે.

કેટલાક પરોપકારી ધર્માત્માંઓએ આ ગ્રન્થની સામટી પ્રતોના અગાઉથીજ ગ્રાહક થઇને આ ધાર્મિક કાર્યને ઉત્તેજન આપ્યું છે, તેમનું ઇશ્વર કલ્યાણ કરો એવા આશિર્વાદ સાથે તેમનાં નામ અને પુસ્તકોની સંખ્યા પાછળ દર્શાવેલી છે.

આ ન્હાનાં પુસ્તક માટે એથી વિશેષ પીષ્ટ પેષણનું કંઇ પ્રયોજન જણાતું નથી. ઇત્યલં

સર્વેત્ર સુખિન સન્તુ સર્વે સન્તુ નિરામયા.
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ માકશ્ચિતદ્ દુખમાપ્નાત,

સંવત ૧૯૫૮ શ્રી કૃષ્ણ જયન્તી.
વસંત મંદિર,—સુરત.

સંતચરણરજ
વસંત

ॐ

શ્રી હરિનામ માલા

અને

શ્રી હરિભજન માલા

પ્રવેશ.

" ॐ सत्यं ज्ञानमनन्तं यन्निष्कलं निष्क्रिय परम् "

अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे ॥

ભાવાર્થ:—સત્યરૂપ, જ્ઞાનરૂપ, અનન્ત, નિષ્કલ, નિષ્ક્રિય, અદ્વીતીય અને નિર્વિશેષ એવાં સનાતન બ્રહ્મતત્ત્વની પ્રારંભમાં અમે ઉપાસના કરીએ છીએ.

એ બ્રહ્મ વસ્તુજ સનાતન સત્ય છે, કારણકે તેને ત્રિકાલનો બાધ લાગી શકતો નથી.

એ બ્રહ્મ વસ્તુજ અનન્ત છે, કારણ કે આ દુનિયાના બીજા બધા પ્રાણી પદાર્થોનો અંત પણ એ બ્રહ્મમાંજ છે.

એ બ્રહ્મજ જ્ઞાન જ્યોતિ છે, કેમકે ચૌદે બ્રહ્માંડો તેનાથીજ પ્રકાશ પામે છે; છતાં પણ એ બ્રહ્મ કલા, અને ક્રિયાથી રહિત, માયા અને મર્યાદાથી રહિત તુર્યાતીત છે; માટેજ તે અદ્વિતીય છે. એનાથી વિશિષ્ટ ગુણ સ્વભાવવાળી બીજી કોઈ વસ્તુ નથી, અને વિશિષ્ટનું પણ એ વિશેષ છે માટેજ એ બ્રહ્મ નિર્વિશેષ છે. તેની ઉપાસનાજ સ્વરૂપના સાક્ષાત્કારદ્વારા મોક્ષમંદિરમાં પ્રવેશ કરાવે છે; માટે અધિકારી જનોએ સદા સર્વદા ઓંકાર રૂપ પરમાત્માની પ્રાર્થના કરવી ઓમ્કાર આ સૃષ્ટિનું અનાદિ અનંત બીજ છે. ઓમકાર સર્વરૂપ છે. માટે એ પ્રણવ પરમાત્મા ઓમકારને અમારા પુનઃ પુન; પ્રણિપાત હો.

ત્યારપછી માતા, પિતા વડીલો, પતિ, ગુરૂ અને અતિથિ-અભ્યાગત રૂપ તીર્થોને નિત્ય નમન કરવું. કહ્યું છે કેઃ—


माताच तीर्थं पिताच तीर्थं तीर्थं ज्येष्ठबांधवा : ॥

पतिस्तीर्थं, गुरुस्तीर्थं, तीर्थान्यभ्यागतास्तथा ॥ १ ॥

શાસ્ત્રમાં જણાવેલાં ઉપરનાં ૭ તીર્થો પ્રાણી માત્રને અવશ્ય વંદનીય છે, અને હંમેશા આત્માનું કલ્યાણ કરનારાં છે. પરંતુ કુટીલ કાળબળના પ્રભાવથી એ ઉત્તમ તીર્થોની અવજ્ઞા કરી અજ્ઞાની

જનો દૂર દૂરનાં દશ્ય તીર્થોમાં ભટકે છે, પૈસા, પરિશ્રમ અને સમયનો વ્યય કરે છે તથા પોતાનાં શરીરને પણ ઘણું કષ્ટ આપે છે. ખરૂં જોતાં ઉપરનાં ૭ તીર્થોમાંજ સઘળાં તીર્થોનો સમાવેશ થઇ જાય છે. અને તેમનું વંદન પૂજન કરવાથી આ લોકોમાં મહત્તા પ્રાપ્ત થાય છે અને પરલોકમાં મુક્તિ મળે છે, દષ્ટાંત તરીકે શ્રી રામચંદ્રજીએ એ તીર્થોમાં શ્રદ્ધા રાખીને પિતૃવચનનું પાલન કીધું; માટે તેની આજે આપણા દેશમાં ઘેર ઘેર પૂજા થાય છે,

ॐ



महाराजश्री हरिहरानंद

તે-પૂર્વાશ્રમના સાધુશ્રી હરિચરણદાસ

શ્રી રસિકદાસાચાર્ય-શેરણા.

॥ ॐ तत्सत्परमात्मने नम:

श्री सरस्वतीद्वादशनामादि स्तोत्रंसङ्ग्रह ॥

श्री सरस्वती द्वादशनाममाला.

સરસ્વતી મયા તુષ્ટા, વીણાપુસ્તકધારિણી
હંસવાહનસમાયુક્તા વિદ્યાદાન કરોમ્યહમ્ ॥ ૧ ॥
પ્રથમં ભારતી નામઃ દ્વિતીયં તુ સરસ્વતી
તતીયં શારદાદેવી, ચતુર્થં હંસ વાહિની ॥ ૨ ॥
પંચમં વિશ્વવિખ્યાતી, ષષ્ઠં વાઘેશ્વરી સ્તથા,
સપ્તમં કુમારિકા પ્રાકતા, અષ્ટમં વરદાયિની ॥ ૩ ॥
નવમં બુદ્ધિ દાતાચ, દશમે બ્રહ્મચારિણી
એકાદશં ચન્દ્ર ઘંટાચ, દ્વાદશં ભુવનેશ્વરી ॥ ૪ ॥
સરસ્વતી દ્વાદશનામાનિ, પઠનં પાઠનં શ્રૃતમ્
મમ જિહ્વા વસો નિત્યં બ્રહ્મરૂપો ન સંશયઃ ॥ ૫ ॥

ઇતિ શ્રી મચ્છંકરાચાર્ય પરિવ્રાજકાચાય વિરચિતઃ શ્રી સરસ્વતીદ્વાદશનામ્નો પાઠઃ સંપૂર્ણઃ ॥

અથ હરિનામ માલા ॥

ગોવિંદં ગોકુલાનંદં ગોપાલં ગોપીવલ્લભં ॥
ગોવર્ધનોદ્ધરં ધીરં, તં વંદે ગોમતીપ્રિયમ્ ॥ ૧ ॥
પીતામ્બરં પદ્મનાભં, પદ્માક્ષં પુરૂષોત્તમમ ॥
પવિત્રં પરમાનંદં તં વંદે, પરમેશ્વરમ ॥ ૨ ॥
નારાયણં નિરાકારં નરવીરં નરોત્તમમ ॥
નૃસિંહં નાગનાથંચ, તં વન્દે નરકાન્તકમ્ ॥ ૩ ॥
રાઘવં રામચંદ્રંચ રાવણારિં રમાપતિમ્ ॥
રાજીવલોચનં રામં તં વન્દે રઘુનંદનમ્ ॥ ૪ ॥
વામનં વિશ્વરૂપંચ, વાસુદેવંચ વિઠ્ઠલમ ॥
વિષ્ણું વિશ્વેશ્વરં વ્યાસં તં વંદે વેદવલ્લભમ ॥ ૫ ॥
દામોદરં દિવ્યં સિંહં દયાલું દીનનાયકમ્ ॥
દૈત્યારિં દેવદેવેશં, તં વંદે દેવકીસુતમ્ ॥ ૬ ॥
મુરારિં માધવં મત્સ્યમ્ મુકુન્દં મુષ્ટિમર્દનમ ॥
મુંજકેશં મહાબાહું, તં વંદે મધુસુદનમ્ ॥ ૭ ॥
કેશવં કમલાકાન્તં. કામેશં કૌસ્તુભપ્રિયમ્ ॥
કૌમોદકીધરં કૃષ્ણં તં વંદે કૌરવાંતકમ્ ॥ ૮ ॥
ભૂધરં ભુવનાનંદં ભૂનેશં ભૂતનાયકં ॥
ભાવનૈકં ભુજંગેશં તંવંદે ભવનાશનમ્ ॥ ૯ ॥

જનાર્દનં જગન્નાથમ્ જગજ્જાડયવિનાશકમ્ ॥
જામદગ્નિં વરં જ્યોતિસ્તં વંદે જલશાયિનમ્ ૧૦॥
ચતુર્ભૂજં ચિદાનંદં ચાણૂરમલ્લમર્દનમ્ ॥
ચરાચરગતં દેવં તં વંદે ચક્રપાણિનમ્ ॥ ૧૧॥
શ્રિયઃકરં શ્રિયોનાથ શ્રીધરં શ્રીવરપ્રદમ્
શ્રી વત્સલધરં સૌમ્ય, તં વંદે શ્રી સુરેશ્વરમ્ ॥ ૧૨ ॥
યોગીશ્વરં યજ્ઞનાથં યશોદાનંદદાયકમ્ ॥
યમુનાજલકલ્લોલં તંવંદે યદુનાયકમ્ ॥ ૧૩ ॥
શાલિગ્રામશિલાશુદ્ધં શંખચક્રોપશોભિતમ્ ॥
સુરાસુરૈઃ સદા સેવ્યં તંવંદે સાધુવલ્લભમ્ ॥ ૧૪ ॥
ત્રિવિક્રમ તપોમૂર્ત્તિં ત્રિવિધપાપનાશનમ્ ॥
ત્રિસ્થલં તીર્થરાજેન્દ્રં તંવંન્દે તુલસીપ્રિયમ્ ॥ ૧૫॥
લીલયાધૃતભૂમારં લોકસત્વૈકવંદિતમ્ ॥
લોકેશ્વંર લક્ષ્મીકાન્તં તં વંદે લક્ષ્મણપ્રિયમ્ ॥ ૧૬ ॥
અનંતમાદિરૂપંચાચ્યુતંચ વરપ્રદમ્ ॥
આનંદંચ સદાનંદં તં વંદે અઘનાશનમ્ ॥ ૧૭ ॥
હરિંચ હરિણાક્ષંચ, હરિનાથં હરિપ્રિયમ્ ॥
હલાયુદ્ધસહાયંચ તંવંદે હનુમત્પતિમ્ ॥ ૧૮ ॥
હરિનામકૃતામાલા; પવિત્રા પાપનાશિની ॥
બલિ રાજેન્દ્રેણ ચોક્તા, કંઠે ધાર્યા પ્રયત્નતઃ ॥ ૧૯ ॥
ઇતિ શ્રી બલિરાજેન્દ્રોક્તમ્ હરિનામમાલાસ્તોત્રં સંપૂર્ણમ્

અન્નપૂર્ણાસ્તોત્રમ્

શ્રીગણેશાયનમઃ

નિત્યાનંદકરી વરાભયકરી સૌંદર્યરત્નાકરી ॥
નિર્ધુતાખિલઘોરપાવનકરી પ્રત્યક્ષમાહેશ્વરી ॥
પ્રાલેયાચલવંશપાવનકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાંદેહિ કૃપાવલંબનકરી માતાન્નપૂર્ણેશ્વરી ॥ ૧ ॥
નાનારત્નવિચિત્રભુષણકરી હેમાંબરાડંબરી ॥
મુક્તાહારવિલંબમાનવિલસદ્વક્ષોજકુંભાંતરી ॥
કાશ્મીરાગરૂવાસિતા રૂચિકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાંદેહિ કૃપા૦ ॥ ૨ ॥
યોગાનંદકરી રિપુક્ષયકરી ધર્માર્થનિષ્ઠાકરી ॥
ચંદ્રાર્કાનલભાસમાનલહુરી ત્રૈલોકયરક્ષાકરી ॥
સર્વૈશ્વર્યસમસ્તવાંછનકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાંદેહિ કૃપા૦ ॥ ૩ ॥
કૈલાસાચલકંદરાલયકરી ગૌરી ઉમા શંકરી ॥
કૌમારી નિગમાર્થગોચરકરી ઓંકારબીજાક્ષરી ॥
મોક્ષદ્વારકપાટપાટનકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાંદેહિ કૃપા૦ ॥ ૪ ॥

દશ્યાદશ્યપ્રભૂતવાહુનકરી બ્રહ્માંડભાંડોદરી ॥
લીલાનાટકસૂત્રભેદનકરી વિજ્ઞાનદીપાંકુરી ॥
શ્રી વિશ્વેશમનઃ પ્રસાદનકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાં દેહિ કૃપા૦ ॥ ૫ ॥

ઉર્વી સર્વજનેશ્વરી ભગવતી માતાન્નપૂર્ણેશ્વરી ॥
વેણીનીલસમાનકુંતલહરી નિત્યાન્નદાનેશ્વરી ॥
સર્વાનંદકરીદશાં શુભકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાં દેહિ કૃપા૦ ॥ ૬ ॥

આદિક્ષાંતિસમસ્તવર્ણનકરી શંભોસ્ત્રિભાવાકરી ॥
કાશ્મીરાત્રિજલેશ્વરી ત્રિલહરી નિત્યાંકુરી શર્વરી ॥
કામાકાંક્ષકરી જનોદયકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાં દેહિ કૃપા૦ ॥ ૭ ॥

દેવી સર્વવિચિત્રરત્નરચિતા દાક્ષાયણી સુંદરી ॥
વામં સ્વાદુપયોધરપ્રિયકરી સૌભાગ્યમાહેશ્વરી ॥
ભક્તાભીષ્ટકરી દશાશુભકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાં દેહિ કૃપા૦ ॥ ૮ ॥

ચંદ્રાર્કાનલકોટિકોટિસદશા ચંદ્રાંશુબિંબાધરી ॥
ચંદ્રાર્કાગ્નિસમાનકુંતલધરી ચંદ્રાર્કવર્ણેશ્વરી ॥
માલાપુસ્તકપાશસાંકુશધરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાં દેહિ કૃપા૦ ॥ ૯ ॥

ક્ષત્રત્રાણકરી મહાભયકરી માતા કૃપાસાગરી ॥
સાક્ષાન્મોક્ષકરી સદાશિવકરી વિશ્વેશ્વરી શ્રીધરી ॥
દક્ષાક્રંદકરી નિરામયકરી કાશીપુરાધીશ્વરી ॥
ભિક્ષાં દેહિ કૃપા૦ ॥ ૧૦ ॥

અન્નપૂર્ણે સદાપૂર્ણે શંકરપ્રાણવલ્લભે ॥
જ્ઞાનવૈરાગ્યસિદ્ધ્યર્થં ભિક્ષાંદેહિ ચ પાર્વતિ ॥ ૧૧ ॥
માતા ચ પાર્વતી દેવી પિતા દેવો મહેશ્વરઃ ॥
બાંધવાઃ શિવભક્તાશ્ચ સ્વદેશો ભુવનત્રયમ્ ॥ ૧૨ ॥

ઇતિ શ્રીમચ્છંકરાચાર્યવિરચિતમન્નપૂર્ણાષ્ટકસ્તોત્ર સંપૂર્ણમ્ ॥ ૧૩ ॥

પ્રાતઃસ્મરણસ્તોત્રમ્ ।

પ્રાતઃ સ્મરામિ હૃદિ સંસ્ફુરદાત્મતત્ત્વં ॥
સચ્ચિતસુખં પરમહંસગતિ તુરીયમ્ ॥
યત્સ્વપ્નજાગરસુષુપ્તમવૈતિ નિત્યં ॥
તદ્બ્રહ્મ નિષ્કલમહં ન ચ ભૂતસંઘઃ ॥ ૧ ॥
પ્રાતર્ભજામિ મનસો વચસામગમ્યમ્ ॥
વાચો વિભાંતિ નિખિલા યદનુગ્રહેણ ॥

યન્નેતિ નેતિ વચનૈર્નિગમા અવોચુઃ ॥
તં દેવદેવમજમચ્યુતમાહુરગ્ર્યમ્ ॥ ૨ ॥
પ્રાતર્નમામિ તમસઃપરમર્કવર્ણં ॥
પૂર્ણં સનાતનપદં પુરૂષોત્તમાખ્યમ્ ।
યસ્મિન્નિદં જગદશેષમશેષમુર્તૌ ॥
રજ્જવાં ભુજંગમ ઇવ પ્રતિભાસિતં વૈ ॥ ૩ ॥
લોકત્રયમિદં પુણ્યં શ્લોકત્રયવિભુષણમ્ ॥
પ્રાતઃકાલે પઠેદ્યસ્તુ સ ગચ્છેત્પરમં પદમ્ ॥ ૪ ॥

ઇતિ શ્રીભગવત્પાદાચાર્યવિરચિતં પ્રાતઃસ્મરણસ્તોત્રં સંપૂર્ણમ્ ॥ ૧૮ ॥

શ્રી રવિરામસ્તોત્ર.

હરિગીત છંદ

ગુરૂ બ્રહ્મરૂપ અનુપ અવિચલ એક અજ વિભુ શિવ હરિ.
જે પ્રકૃતિ પાર આધાર ભવસંસાર રચ લીલા કરી,
ગુરૂ અગમજ્ઞાતા સત્યવકતા સત્યકારણ અવતરી,
ભવફંદ છેદનહાર ગુરૂ રવિરામ મમ સંશય હરી. ૧

જેહિ રટત શેષ મહેશ મુનિજન ધરત ધ્યાન મહેશ્વરી.
નહિ અંત પાવત નેતિ ગાવત કવન વિધિ અસ્તુતિ કરી,
મતિ મોરી થોરી કઠોરી જડ જ્યોં જાની અસ ચરને પરી,
ભવ ફંદ છેદનહાર ગુરૂ રવિરામ મમ સંશય હરી. ૨
અતિ દયાધાર ઉદ્ધારકારન જગતમેં પ્રભુ વપુ ધરી,
ભવતિમિરનાશક ગુનપ્રકાશક સકલ કિલ્મિષ ત્વં હરિ;
તુમ ચરન આયે બોધ પાયે મોહ મમતા પરહરી,
ભવ ફંદ છેદનહાર ગુરૂ રવિરામ મમ સંશય હરી ૩
નહિ નિગમ આગમ નેતિ જાનત યોગ નહિ મોપે સરી,
નય નિયમ જપતપ આદિ કિંચિત્ બનત નહિં કલિમેં હરિ:
પ્રભુ પતિતપાવન રક્ષ ચરને અરજ જનકી ઉર ધરી,
ભવ ફંદ છેદનહાર ગુરૂ રવિરામ મમ સંશય હરી. ૪
ગુરૂપંચક યહ પઢત જો નર પ્રેમપુલકિત નેમસેં,
સોઇ ભક્તિ જ્ઞાન વિરાગયુત નિત વસત નિજપદ ક્ષેમતેં;
વૃષભાન નંદનીદાસકી યહ વિનતિ હરિ ઉરમેં ધરો.
રવિ પ્રેમ ભાણુ દયાલ મમ ગુરૂ બુધ્ધિઅલ પાવન કરો. ૫

અથાઽત્મષટ્કસ્તોત્રમ્.

મનો બુધ્ધ્યહંકાર ચિત્તાનિ નાહં ।
ન ચ શ્રોત્રજિવ્હે ન ચ ઘ્રાણનેત્રે ॥
ન ચ વ્યોમભૂમિ ન તેજો ન વાયુ ।
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહમ્ ॥ ૧ ॥

અહં પ્રાણુવર્ગો ન પન્ચાનિલામે ।
ન તોયં ન મે ધાતવો નૈવ કોશા :
ન વાક્ પાણી પાદૌ ન ચોપસ્થ પાયૂ
ચિદાનન્દરુપો શિવોઽહં શિવોઽહમ્ ॥ ૨ ॥
ન મે દ્વેષરાગૌ ન મે લોભમોહૌ ।
મદો નૈવ મે નૈવ માત્સર્યભાવ : ॥
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષ :
ચિદાનન્દરૂપો શિવોઽહં શિવોઽહમ્ ॥ ૩ ॥
ન પુણ્યં નપાપં ન સૌખ્યં ન દુઃખમ્ ।
ન મન્ત્રો ન તીર્થં ન વેદા ન યજ્ઞા: ॥
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા ।
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહમ્ ॥ ૪ ॥
ન મે મૃત્યુશંકા ન મે જાતિભેદ : ।
પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ ॥
ન બન્ધુર્ન મિત્રં ગુરૂર્નૈવ શિષ્ય : ।
ચિદાનન્દરૂપો શિવોઽહં શિવોઽહમ્ ॥ ૫ ॥
અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો
વિભુર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણિ ॥
સદા મે સમત્વં ન મુક્તિર્ન બન્ધ :
ચિદાનન્દરૂપો શિવોઽહં શિવોઽહમ્ ॥ ૬ ॥

ઇતિ શ્રીમદ્જગદ્ગુરૂશંકરાચાર્યવિરચિત માત્મષટ્કસ્તોત્રં સમાપ્તમ્ ॥

दक्षिणामूर्तिस्तोत्रम् ।

श्रीगणेशायनमः

विश्वं दर्पणदृश्यमाननगरीतुल्यं निजांतर्गतं
पश्यन्नात्मनि मायया बहिरिवोद्भूतं यथा निद्रया ॥
यःसाक्षात्कुरुते प्रबोधसमये स्वात्मानमेवाद्वयं
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥१॥
बीजस्यांतरिवांकुरो जगदिदं प्राङ्निर्विकल्पं पुन
र्मायाकल्पितदेशकालकलनावैचित्र्यचित्रीकृतम् ॥
मायावीव विजृंभयत्यपि महायोगीव यस्वेच्छया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षि० ॥२॥
यस्यैव स्फुरणं सदात्मकमसत्कल्पार्थकं भासते
साक्षात्तत्त्वमसीति वेदवचसा यो बोधयत्याश्रितान् ॥
यत्साक्षात्करणाद्भवेन्न पुनरावृत्तिर्भवांभोनिधौ
तस्मै श्रीगुरुमूर्तये० ॥३॥
नानाच्छिद्रघटोदरस्थितमहादीपप्रभाभास्वरं
ज्ञानं यस्य तु चक्षुरादिकरणद्वारा बहिः स्पंदते ॥
जानामीति तमेव भांतमनुभात्येतत्समस्तं जगत्
तस्मै श्रीगुरु० ॥४॥
देहं प्राणमपींद्रियाण्यपि चलां बुद्धिं च शून्यं विदुः
स्त्रीबालांधजडोपमास्त्वहमिति भ्रांता भृशंवादिन ः॥

मायाशक्तिविलासकल्पितमहाव्यामोहसंहारिणे
तस्मै श्रीगुरु० ॥५॥

राहुग्रस्तदिवाकरेंदुसदृशो मायासमाच्छादनात्
सन्मात्रःकरणोपसंहरणतो योऽभूत्सुषुप्तःपुमान् ॥
प्रागस्वाप्समिति प्रबोधसमये यःप्रत्यभिज्ञायते
तस्मै श्रीगुरु० ॥६॥

बाल्यादिष्वपि जाग्रदादिषु तथा सर्वास्ववस्थास्वपि
व्यावृत्तास्वनुवर्तमानमहमित्यंतःस्फुरंतं सदा ॥
स्वात्मानं प्रकटीकरोति भजतां यो मुद्रया भद्रया
तस्मै श्रीगुरु० ॥७॥

विश्वं पश्यति कार्यकारणतया स्वस्वामिसंबंधतः
शिष्याचार्यतया तथैव पितृपुत्राद्यात्मना भेदतः ॥
स्वप्ने जाग्रति वा य एष पुरुषो मायापरिभ्रामितः
तस्मै श्रीगुरु० ॥८॥

भूरंभांस्यनलोऽनिलोंबरमहर्नाथो हिमांशुःपुमा
नित्याभाति चराचरात्मकमिदं यस्यैव मूर्त्यष्टकम् ॥
नान्यत्किंचन विद्यते विमृशतां यस्मात्परस्माद्विभोः
तस्मै श्रीगुरु० ॥९॥

सर्वात्मत्वमिति स्फुटीकृतमिदं यस्मादमुष्मिंस्तवे
तेनास्य श्रवणात्तथार्थमननाद्ध्यानाच्च संकीर्तनात् ॥

सर्वात्मत्वमहाविभूतिसहितं स्यादीश्वरत्वं स्वतः
सिद्ध्येत्तत्पुनरष्टधा परिणतं चैश्वर्यमव्याहतम् ॥१०॥

वटविटपिसमीपे भूमिभागे निषण्णं
सकलमुनिजनानां ज्ञानदातारमारात् ॥
त्रिभुवनगुरुमीशं दक्षिणामूर्तिदेवं
जननमरणदुःखच्छेददक्षं नमामि ॥ ११ ॥

चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ॥
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ॥ १२ ॥

ॐ नमः प्रणवार्थाय शुद्धज्ञानैकमूर्तये ॥
निर्मलाय प्रशांताय दक्षिणामूर्तये नमः ॥ १३ ॥

निधये सर्वविद्यानां भिषजे भवरोगिणाम् ॥
गुरवे सर्वलोकानां दक्षिणामूर्तये नमः ॥ १४ ॥

मौनव्याख्याप्रकटितपरब्रह्मतत्त्वं युवानं
वर्षिष्ठांते वसदृषिगणैरावृतं ब्रह्मनिष्ठैः ॥
आचार्येन्द्रं करकलितचिन्मुद्रमानंदरूपं
स्वात्मारामं मुदितवदनं दक्षिणामूर्तिमीडे ॥ १५ ॥

इति परमहंसपरिव्राजकाचार्य श्रीमच्छंकराचार्यविरचितं-
दक्षिणामूर्तिस्तोत्रं संपूर्णम् ॥ ७ ॥

સ્તુતિ પ્રારંભ

હે રામા પુરૂષોત્તમા નરહરે નારાયણા કેશવા
હે ગોવિંદ ગરૂડધ્વજા ગુણનિધે દામોદરા માધવા
હે કૃષ્ણા કમલાપતે યદુપતે સીતાપતિ શ્રીપતિ.
હે વૈકુંઠાધિપતિ ભવપતિ લક્ષ્મીપતિ પાહિમામ્ ॥૧॥
આદૌ રામ તપોવનાધિ ગમનં હત્વા મૃગકાંચનમ્ ॥
વૈદેહીહરણં જટાયૂમરણં સુગ્રીવસંભાષણમ્,
વાલીનિર્દલન સમુદ્રતરણં લંકા પુરી દાહના
પશ્ચાદ્રાવણ કુંભકર્ણહનનમેતદ્ શ્રીરામાયણમ્.

ભાગવત.

આદૌ દેવકીદેવગર્ભજનંન ગોપીગૃહેવર્ધનમ્ ॥
માયાપૂતનજીવિતાપહનનં ગોવર્ધનોદ્ધારણમ્ ॥
કંસચ્છેદન કૌરવાદિહનન કુંતિસુતાન્પાલનમ્ ॥
એતદ્ ભાગવતઃપુરાણકથિતં શ્રીકૃષ્ણ લીલામૃતમ્ ॥
હે રામાનુજ હે જગત્ત્રયગુરૂ પુંડરીકાક્ષ પ્રભુ ॥
હે ગોપીજનનાથ પાલયપરં જ્ઞાનં વિનાત્વિ વિના ॥
કસ્તુરી તિલકં લલાટપટલે, વક્ષસ્થલે કૌસ્તુભમ્ ॥
નાશાગ્રે વરમૌક્તિકમ્ કરતલે વેણુઃકરે કંકણમ્
સર્વાંગે હરિચંદનં સુલલિતં કંઠેચ મુક્તાવલિમ્
ગોપાસ્ત્રિ પરિવેષ્ટિતો વિજયતે, ગોપાલચુડામણી ॥૧॥

॥ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

સાખી.

શાંતિ શાંતિ થાય સર્વદા, દુઃખ થજો સૌ દૂર;
નિશદિન નામ ઉચ્ચારતાં છૂટે પ્રેમનું પૂર. ૧
પ્રેમ ન નિપજે વાડીયે, પ્રેમ ન હાટ વેચાય;
વિનાં પ્રેમનાં માનવી, બાંધ્યાં યમપૂર જાય. ૨
પાછા પ્રેમ વિના પડે, ચઢયા સીડીયે હોય;
જગના જીવ તરતા નથી, પ્રેમ વિના જન કોય. ૩
શ્રીગુરુ ગણપતી શારદા; સ્મરિયે વારંવાર.
શુભ મતિ આપો સર્વદા, ગુણ ગાવા નિર્ધાર. ૪
પાહિ પાહિ પ્રણામ કરૂં, સદ્‌ગુરૂ દીનદયાળ;
સેવક શરણે આવીયા, કરો નિત્ય પ્રતિપાળ. ૫
મહિકાંઠે શુભ શેરખી, ભાણુ-રવિનું ધામ;
હરિચરણને નિવાજીયા, સદ્‌ગુરૂ રાધે-રામ. ૬
પરમપૂજ્ય શ્રી સદ્‌ગુરૂ, ભાણ રવિ ભગવાન
શરણે સેવક આવિયા, વિનતી ધરજો ધ્યાન. ૭
સાધુ ભાણ રવિ તણો, હરિ ચરણ છે નામ,
હરિ નામ માલા જપે સેવે સીતારામ. ૮
હરિ નામ માલા ભલી, પાઠ કરે નરનાર,
ત્રિવિધિ તાપ ટળે, પ્રભુ ઉતારે ભવ પાર ॥ ૯

સ્નાનનો મંત્ર.

ૐ શં નો દેવીરભિષ્ટય આપો ભવંતુ પીતયે શં
યોરભિસ્રવંતુ નઃ ॥
ગંગેચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતિ
નર્મદે સિંધુ કાવેરી જલેઽસ્મિન્ સંનિધિં કુરૂ ॥
ઓમ્ ગંગદ્વારે કુશાવર્તે નિલકે બીલપર્વતે
સ્નાત્વા કનખળે તીર્થે પુનઃ જન્મ ન વિદ્યતે ॥

ભસ્મ ધારણનો મંત્ર

ઓમ્ જલમિતિ ભસ્મ સ્થલંમિતિ ભસ્મ વાયુરિતિ
ભસ્મ.
ઓમ્ મૃત્યુંજય મહાદેવ પાહિ મામ્ શરણાંગતમ્ ॥
જન્મ મૃત્યુ જરાવ્યાધિ સંસારભયનાશનમ્ ॥

આસન શુદ્ધિનો મંત્ર

ઓમ્ પૃથ્વી ત્વયા ધૃતા લોકાદેવિત્વં વિષ્ણુના ધૃતા ॥
ત્વંચ ધારયમામ્ દેવી પવિત્રમ્ કુરૂ ચાસનં ॥

શિખા બંધનનો ગાયત્રીમંત્ર.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ઓમ્ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

આચમનનો મંત્ર.

(૧) ૐ ભૂઃ પુનાતુ (૨) ૐ ભુવઃ પુનાતુ (૩) ૐ સ્વઃ પુનાતુ.

માર્જનનો મંત્ર.

ૐ અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા ।
યઃ સ્મરેત્પુંડરીકાક્ષં સ બહ્યાભ્યંતરઃ શુચિઃ ॥

પ્રાણાયામનો વિધિ.

આંખો બંધ કરીને મૌન્ય ધારણ કરવું. અથ પદ્માસનથી બેસીને પહેલાં બે આચમન લેવાં. ડાબા નસકોરામાંથી થોડો શ્વાસ બહાર કાઢવો, પછી જમણા હાથની

ટચલી અને ત્રીજી આંગળી વતી ડાબું છિદ્ર દબાવી નીચેના પ્રાણાયામમંત્રનો જપ કરતાં શ્વાસ જમણા નસકોરાં માંથી ચઢાવવો. એકવાર જપ પૂરો થાય ત્યાંસુધી વાયુ ખેંચી લેવો. પછી જમણા હાથના અંગુઠાવડે બીજું છિદ્ર પણ બંધ કરવું. પ્રાણાયામ કરતી વખતે ગુદાને સંકોચવી અને શ્વાસને રોકયા પછી ડોકને નીચી નમાવી પ્રાણાયામ મંત્ર ચાર વખત જપવો. પછી પાછી ડોક ઉંચી કરી નાભિને બરડા તરફ પાછી ખેંચી ડાબા છિદ્રપરથી આંગળીઓ ઉપાડી લઈ અંતરના પવનને બહુજ ધીમે ધીમે બહાર કાઢતી વખતે પણ પ્રાણાયામ મંત્રનો બે વખત જપ કરવો. આવી રીતના ત્રણ પ્રાણાયામ કરવા. પ્રાચીન યોગી પુરૂષોનો એવો મત છે કે પુરકથી બમણો રેચક અને ચાર ગણો કુંભક થવો જોઈએ.

પ્રાણાયામનો મંત્ર.

ઓમ્ ભૂઃ ઓમ્ ભુવઃ ઓમ્ સ્વઃ ઓમ્ મહઃ ઓમ્ જનઃ ઓમ્ તપઃ ઓમ્ સત્યં । ઓમ્ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।। ઓમ્ આપો જ્યોતિ રસોમૃતં બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વરોમ્ ।।

પ્રાણાયામ પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો:

અત્રાદ્ય મહામાંગલ્યપ્રદ અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે મમોપાત્તદુરિતક્ષયાર્થં સંધ્યોપાસનમહં કરિષ્યે.

ત્યારપછી હાથેલી ધોઇ જમણા હાથની અંજલિ વડે આચમન લઇને સૂર્ય દેવતાને ગાયત્રી મંત્ર વડે ત્રણ અર્ધ્ય આપવા.

ઉપસ્થાન મંત્ર.

ઓમ્ ઉદ્વયમ્ તમસસ્પરિસ્વ: પશ્યન્ત ઉત્તરમ્
દેવં દેવત્રા સૂર્ય મગન્મ જ્યોતિરૂત્તમમ્ ॥
ઓમ્ ઉદુત્યં જાત વેદસં દેવં વહન્તિ કેતવ:
દશે વિશ્વાય સૂર્યમ્ ॥

ઉપસ્થાન થઇ રહ્યા પછી ઉભા રહીને સ્વસ્થ ચિત્તે દશ, અઠાવીશ અથવા એકસો આઠ ગાયત્રી મંત્રનો જપ કરવો.

પછી અનેન પ્રાતઃસંધ્યાખ્યેન કર્મણા ભગવાન્ શ્રીં પરમેશ્વરઃ પ્રીયતાંનમમ ॥

એ મંત્ર વડે આચમનીમાં લીધેલું જળ તરભાણીમાં નાંખી સંધ્યાની પરિસમાપ્તિ કરવી.—

વિભૂતિમાલા મન્ત્ર.

..ારૂદ્ર, મહાદેવ, શૂલપાણિ મહાપ્રભો ।
માલાવિભૂતિં દિવ્યાં શ્રધ્ધય ધારયામ્યહમ્ ॥
પાહિ પાહિ મહાદેવ લિલુષનિવારણે.
પાપતાપચવિનિર્મુક્તં માલામુદ્રાય ધારણે ॥

હરિનામ માળા

તથા

હરિ કીર્તન માળા

જય સદ્ગુરૂ સ્વામી, પ્રભુ ! જય સદ્ગુરૂ સ્વામી;
ભાણુ રવિ ભવ તારો, અંતરના જામી. જય૦ ૧
વિશ્વ ચરાચર માંહે, આપ રહ્યા વ્યાપી; (૨)
કરૂણાનીધિ કૃપાળુ, કષ્ટ દીયો કાપી; જય૦ ૨
નિર્ભય નામ તમારૂં, નવ ખંડમાં જાણે; (૨)
દાસ તમારો થઇને, મુક્તિ સુખ માણે. જય૦ ૩
દયાનીધિ દાતાર, સદ્ભક્તિ આપો, (૨)
બાનુ જાણી બચાવો, સંકટ સહુ કાપો; જય૦ ૪
અસંખ્ય જુગ આથડતાં, હાવે ઘર જડીયું, (૨)
સાધુ સંગત કરતાં, નિર્ભયપદ મળીયું; જય૦ ૫
સદ્ગુરૂ શરણે જાતાં, બ્રહ્મવિદ્યા લાધી, (૨)
સત્સંગ–સરિતા ન્હાતાં, મટી સર્વે વ્યાધી; જય૦ ૬
શેરખી માંહે સદગુરૂ, રાધે રામ મળ્યા, (૨)
હરિ ચરણુ હરિ ભજતાં, ભવસાગર તરિયા; જય૦ ૭

કુંડલીઆ છંદ.

ભાણુ ગુરૂ ભવ તારવા, અવતરિયા અવિનાશ;
રવિરામ રૂદિયે રહી, કરહુ જ્ઞાનપ્રકાશ.
કરહુ જ્ઞાનપ્રકાશ, બિરદ પોતાનું જાણી;
આવરણુ અલગું થાય, ગોવિંદ ગુણું ગાયે વાણી.
હરિચરણુ હરિને ભજો, દુર્ગુણુ દોષ નિવારવા;
અવતરિયા અવિનાશ, ભાણુ ગુરૂ ભવ તારવા. ૧

સ્વસ્થાનશ્રી શેરખી, મોક્ષધામ મહારાજ;
રવિરામ રૂદીયે વસો, કરવાને શુભ કાજ.
કરવાને શુભ કાજ, લાજ રાખો હમારી;
આપો અવિચલ બોધ, કીર્તી ગાવા તમારી.
હરિચરણુ ગુરૂ સેવતાં, રીઝે સદ્‌ગુરૂ મહેરથી;
મોક્ષધામ મહારાજ, સ્વસ્થાન શ્રી શેરખી. ૨

પ્રવૃત્તિના આ પંથમાં, નાવે દુ:ખનો પાર;
નિવૃતિ આપો નાથજી, ઉતરવા ભવ પાર.
ઉતરવા ભવ પાર, નામ નૌકામાં નાખી,
અનેક પોચાડયા પાર, વેદ પૂરેછે સાખી.
હરિહરાનંદ હેતથી, જુવો વિચારી ગ્રંથમાં;
નાવે દુ:ખનો પાર, પ્રવૃતિનાં પંથમાં. કુડલીયાં. ૩

શ્રી ગણપતિ અને શારદાની સ્તુતિ.

પ્રભાત તથા પદ.

ભણે લુહાણો ભાણુ—એ લય

શ્રીગુરૂ ગણપતિ સરસ્વતી સ્મરૂં, અરજ ઉરમાં ધરજોરે;
બળવંતા પરમેશ્વર બેલી, સંકટ સઘળાં હરજોરે-શ્રી ગુરૂ૦ ૧
વિઘ્ન વિહારણ ભવ દુખ હારણ, તારણ ભવજળ સ્વામીરે;
પરમેષ્ટિ પ્રેરક થાઓ મુજને, ગુણ ગાવા બહુ તાળીરે-શ્રી ગુરૂ૦ ૨
ગુણ સર્વેના પતિ ગજાનન, રિદ્ધસિદ્ધના છો દાતારે;
અંતર્યામી આશ્રય આપો, કરવાને સુખ શાતારે-શ્રી ગુરૂ૦ ૩
મૂર્ત્તિ મનોહર મંગળકારી, શરણાગતને તારોરે;
દુર્ગુણ દુર્મતિ દૂર કરીને, શુભગુણ અંતર ધારોરે-શ્રી ગુરૂ૦ ૪
ગુરૂ ગોવિંદના ગુણ ગાવાને, અવકાશ અમને આપોરે;
હરિચરણે હરિ હાથ ધરીને, સંકટ સઘળાં કાપોરે-શ્રી ગુરૂ૦ ૫

પ્રભાત અથવા પદ.

રાગ ઉપર પ્રમાણે

રવિ ભાણુ હૃદયમાં રહેજો, દાસનાં દુઃખને હરવારે;
શરણે આવ્યો છું સંકટ હરજો, સુખ શાન્તિ શુભ કરવારે-રવિ ૧
તન મન ધન આ તમારાં સ્વામી, શરણે રહ્યો શિર નામીરે;
બાનું જાણી બચાવો મુજને, છો અંતરના જામીરે-રવિ ૨
અનેકને ઉદ્ધાર્યા સ્વામી, સેવક શરણે રાખોરે;
કુડ કપટને કુબુદ્ધિ કાપી, પાપ નિવારી નાખોરે-રવિ ૩
મૃતક જીવ સજીવન કરિયા, જલધિમાં જહાજ તારોરે;
વિશ્વાસુની વહારે ચઢીયા, આરતને ઉગારોરે; રવિ૦ ૪

રાધે સદ્‌ગુરૂ શરણે તમારે, ભવજલ પાર ઉતારોરે;
હરિચરણના હેતુ થઇને, સંસારસાગર તારોરે .રવિ૦ ૫

પદ ૬ ઠું

પદ અથવા પ્રભાત રાગ ઉપર પ્રમાણે.

અરજ સુણોને અન્તર્યામી, બળવંતા છો બેલીરે;
શરણે આવ્યો હું શિર નામી, પ્રીત પુરાતન પેલીરે. અરજ. ટેક ૧
આદિ અંતને મધ્યની માંહે, એકજ ઓથ તમારીરે;
કળજુગ કાપોને સતજુગ સ્થાપો, લજ્જા રાખજો મારીરે, અરજ. ૨
ભવસાગર આ દુઃખનો દરિયો, પ્રભુજી પાર ઉતારોરે;
મત્સ્ય મગર આવરણને ઉર્મિ. તેમાંથી સુજને તારોરે અરજ. ૩
જ્યાં જોઇએ ત્યાં જૂઠે જૂઠું, જૂઠામાં જુગ ભૂલ્યોરે;
જૂઠાને સાચું કરી જાણે, મિથ્યા દુઃખમાં ડુલ્યોરે. અરજ. ૪
દૂષણ કહેતાં દિલ દુઃખ થાયે, કહેતાં નહિ કહેવાયેરે;
આપણાથી અધિક મળે તો, શુભ ગુણ ત્યાં લેવાયેરે અરજ. ૫
અનેક રૂપે રહ્યા અવિનાશી, કેમ કરીને જાણુંરે;
હરિચરણ સેવી સદ્‌ગુરૂને, મુક્તિ સુખને માણુંરે. અરજ. ૬

પદ ૭ મું.

પ્રભાત અથવા પદ.

રાગ ઉપર પ્રમાણે

શરણે આવ્યાનાં સંકટ હરજો, દાસ પોતાનો જાણીરે;
અધમ ઓધારણ નામ તમારૂં, વેદપુરાણની વાણીરે—શરણે૦ ટેક
સચરાચરમાં વાસ તમારો, ઠામ નથી કંઇ ઠાલોરે;
ભવસાગરમાં બુડતાં બાંવડું, નાથ હમારૂં ઝાલોરે—શરણે૦ ૨

અનેકવાર અવતરિયો પ્રાણી, ફરીયો ચારે ખાણીરે;
કુટુંબ કબીલો મૂકી કરીને, શરણે આવ્યો એમ જાણીરે—શરણે૦ ૩

પ્રેમભક્તિ પ્રભો! હમને આપો, વ્રજવનિતાના જેવીરે;
સેવા સ્મરણ દાસત્વ કરવું, અવિરલ ભક્તિ એવીરે—શરણે૦ ૪

ભક્તિ વિના પ્રભુ ભવ ભવ ભૂલ્યો, નાથ તમારૂં નામરે;
એક ઘડી અળગા નવ રહેશો, હૃદયકમળથી રામરે—શરણે૦ ૫

રાધે સદગુરૂ સમરથ સ્વામી, દીનના દુખને જાણોરે;
હરિચરણ ગુરૂપદને સેવી, મુક્તિસુખને માણોરે—સરણે૦ ૬

પદ ૮ સું.

ગિરધારીરે વાત કહું તે વિચારો—એ રાગ

અંતર્યામીરે અરજ સુણો પ્રભુ મારી, ઉર એકજ આશ તમારી;
અમ અવગુણનો નહીં પારરે, સ્વામી શરણે છીએ નિરધારરે.
નથી અન્ય કશો આધારરે, અંતર્યામીરે અરજ સુણોને મારી, ૧

દાસ જાણીને દયા કરજોરે, મમ સંકટ સઘળાં હરજોરે.
ચિત ચરણકમળમાં ધરજોરે, અંતર્યામીરે૦ ૨

બળવંત તમારૂં બાનુંરે, હવે છુપું નથી રહેવાનુંરે,
પડ્યું આપ સંગાથે પાનુંરે, અંતર્યામીરે૦ ૩

ત્રાહિ ત્રાહિ રક્ષા કરો નાથરે, મારી લજ્જા તમારે હાથરે.
સ્વામી કીધા અમને સનાથરે, અંતર્યામીરે૦ ૪

સદગુરૂ શ્રી રાધેરામરે, હરિચરણના વિશ્રામરે,
મારા સદગુરૂ સુંદરશ્યામરે, અંતર્યામીરે૦ ૫

પદ ૯ સુ

રાગ—ગીરિધારીનો ઉપર પ્રમાણે

પ્રભુજીરે પ્રાણપતિ છો પ્યારા, અમને નિમિષ ન કરશો ન્યારા;
મીન જળ વિખુટું જેમરે, ગાય વિના વાછરડું તેમરે;
માતા વિના બાળક રહે કેમરે, પ્રભુજીરે પ્રાણપતિ છો પ્યારા ટેક ૧
માયા જોઇને મન મોહેરે, જેનું તરસ્યાને વાળુ તોયેરે
મારે આપ વિના નહીં કોયરે પ્રભુ૦ ૨
જેમ પતિ વિનાની નારીરે, સહે વિયોગ અવ્યભિચારીરે;
મને લાગી તમથી તાળીરે પ્રભુ૦ ૩
રહે ચકોર ચંદ્રને જોઇરે, સત્તા સઘળે તમારી સોઇરે;
મારે તમ વિણ અવર ન કોઇરે પ્રભુ૦ ૪
તમે સાક્ષી સર્વના સ્વામીરે, હરિચરણ રહે શિષ નામીરે
તમે વિશ્વના અંતર્યામીરે પ્રભુ૦ ૫

પદ ૧૦ સું.

રાગ ગીરિધારીનો—ઉપર પ્રમાણે.

મન મારાંરે માને તો બહુ સારૂં, નહિં તો કાર્ય બગડશે તારૂં;
મિથ્યા મનસુબા બહુ થાયેરે, મન દેશ-વિદેશે જાયેરે;
તેમાં સુખ કહિયે ન-પમાયેરે, મન મારારે. ટેક. ૧
તું તો જન્મોજન્મ અથડાયોરે, તોયે કેમ હજી નહીં કાયોરે
હવે સમજીને થા જરી ડાહ્યોરે, મન મારારે ૨
દુઃખમાં શું નિશદિન દોડેરે, કુડાં કામ કરે છે કોડેરે;
સારાં કાર્યમાં ચિત્ત ન જોડેરે, મન મારારે. ૩

મન વેરીને પ્રભુ વારોરે, તોતો આવે આ દુઃખનો આરોરે;
હરિદાસનો જન્મ સુધારોરે, મન મારારે. ૪

પદ ૧૧ મું.

રાગ ગીરિધારીનોઃ—ઉપર પ્રમાણે.

મનસુબારે સુબાપણું કેમ ખોયું ? મન માયામાંહી શું મોયું ?
ચયું સ્વરૂપ ભૂલીને દીનરે, બન્યું માયામાં તે શું લીનરે ?
જેમ જળમાં લપટયું મીનરે. મનસુબારે. ટેક ૧
સારો સંગ કર્યે સુખ થાયેરે, નીચ સંગથી નરકે જાયેરે;
એવું ગીતાને ભાગવત ગાયેરે, મનસુબારે. ૨
સેવો સદ્‌ગુરૂ શ્રી સુખકારીરે, એતો લેશે તમને તારીરે;
બીજી નથી જગતમાં બારીરે મન૦ ૩
શઠ સુધરે જો સતસંગ થાયેરે, માટે સત સરિતા જઇ ન્હાયે
તમે માનોને મનજીભાઇરે મન૦ ૪
એવા સદગુરૂ છે સુખદાઇરે; જેને શરણે ગયે સુખ થાયેરે
હેતે હરિચરણ ગુણ ગાયેરે મન૦ ૫

પદ ૧૨ મું

રાગ. કાફી

સદગુરૂ સ્વામીરે! શરણે આવી સેવા કરૂં;
ભવ સાગરમાં બુડતાંરે ગુરૂજીને નામે તરૂં.
અનેકવાર પ્રાણી અવતરિયો ફરિયો ચારે ખાણું;
અભયદાન સદગુરૂ આપશે શરણુ આવ્યો એમ જાણુ. સદ ટેક ૧

કુટુંબ કબીલો કોઈ કામ ન આવે સ્વારથની સગાઇ
દુઃખ પડે તો દૂર જ ભાગે પાણી કોઇ ન પાયેરે સદ ૨
દુસ્તર દરિયો કોક જ તરિયો બેઠો જે નામને નાવ
સદગુરૂ સાહ્યથી પાર ઉતરિયો અહોનિશ ભજનમાં ભાવ; સદ ૩
રાઘે સદગુરૂ સમર્થ મળિયા લીધી છે સાર સંભાળ;
હરિચરણને ઉગારી લેજો જાણી પોતાનો બાળ સદ ૪

પદ ૧૩ સું.

રાગ કાફી—ઉપરનો

કલિજુગ આવ્યોરે કેશવ કરૂણા કરો, અરજ હમારીરે રામજી રૂદિયે ધરો.
ભજનમાં રજ ભાવ નહીં ને આળસ થાય અપાર,
ભાંડ ભવાઇને પરની નિંદા, સાંભળે વારંવાર. કલિજુગ—ટેક ૧
સેવા સમરણ સંત સમાગમ, સમીપ હોય તોય ન જાય,
કાણુ મોકાણને કુડું રે કરવા, દૂર દેશાવર જાય; કલિજુગ. ૨
અવગુણના આગાર હોય તોય, ગુણ પોતાના ગાય,
પામર પરની નિંદા કરેછે, જગમાં ગોથાં ખાય; કલિજુગ. ૩
કન્યા વિક્રય કરવા લાગ્યા, દિકરીના લે દામ,
દાન આપે તેનો દાવો કરે છે, બુધ્ધિના થયા છે હરામ. કલિજુગ. ૪
સત્ય ધર્મ તો સંતાયો ને પાખંડી પૂજાય,
ધર્મ હિણા ધંધ કરીને જગમાં ધૂતી ખાય; કલિજુગ ૫.
જુગ પરમાણે આચરણ થયું છે, કોઇ ન કરશો રોષ.
હરિચરણ હરિ પ્રેરક સૌમાં, બીજાનો શો દોષ; કલિજુગ ૬

પદ ૧૪ સું.

(રાગ પદ કાફી.)

પ્રશ્ન હું તો પૂછું રે, બતાવો ગુરૂ દેવ દાતા.
ઉત્તર એના આપોરે, અંતર થાયે સુખ શાતા. પ્રશ્ન. ટેક. ૧
સ્થાવર જંગમ જગત સર્વે, ક્યાંથી થયું મંડાણ?
ક્યાંથી સર્વે ઊપજ્યું એની કોણે કરી આરેખાણ? પ્રશ્ન. ૨
પરમેશ્વર તો એકજ છે તે, અખંડ ને અવિનાશ.
અજરામર જન્મે નહિ એવા, સૌમાં તેનો વાસ. પ્રશ્ન. ૩
બહુ રૂપે તે કેમ થયું ? સમજાવી હરજો ખેદ.
અદ્વૈત દ્વૈત તે કેમ થયા, તેનો બતાવો ભેદ. પ્રશ્ન. ૪
સાકાર છે કે નિરાકાર તે, બતાવો સદ્‌ગુરૂ શ્યામ.
હાથ જોડી હરિચરણ પૂછે છે, બતાવો પ્રભુનું ધામ. પ્રશ્ન. ૫

પદ ૧૫ સું

(પ્રશ્નનો ઉત્તર) (રાગ પદ કાફી)

શ્રી સદગુરૂ કહે છેરે સાંભળો સેવક પ્યારા.
નિશ્ચિત થઇને નિરખોરે વૃત્તિ રાખી અખંડધારા; શ્રી સદગુરૂ ટુંક
પુરૂષથી પ્રકૃતિ થઇને મહતત્વને અહંકાર,
સત્વ-રજ-તમ ત્રણ ગુણ થયા છે ત્રણથી બન્યો સાકાર; શ્રી ૧
સત્વથી અંતઃકરણ થયું રજથી ઇંદ્રિય દશ જાણ
તમો ગુણના પંચભૂત થયાને તન્માત્રા પાંચ પ્રમાણ શ્રી ૨
વૈરાટ સઘળું એથી થયું સ્થૂળ ને સૂક્ષ્મ જેહ.
પુરૂષ જ્યારે પ્રવેશ્યા ત્યારે ચૈતન્ય થયું છે તેહ શ્રી ૩

બ્રહ્માંડ સર્વે ભરાઇ ગયુંને સચરાચરના જીવ.
ગણુના કરતાં પ ર ન આવે સર્વના સાક્ષી છે શિવ શ્રી ૩
નિર્ગુણ બ્રહ્મ એ નિરાકાર છે સાકાર માયા સહિત. ૧
હાથ જોડી હરિચરણ કહે છે પ્રભુ ઉપાધિ રહિત શ્રી ૪

પદ ૧૬ મું.

(રાગ, ધોળ સરવડાનો)

મનુષ્યારે દેહ મલ્યો છે મેંત્રો, આળસ કરી અજ્ઞાની શું ઉંઘો,
હરિ નામનો હીરલો છે સોંઘો, તે લેશે નહિ કાંઇ દામનેરે. ટેક
નામ નૌકામાં બેસોરે જાઈ, સંત સમાગમ કરો નિત્ય ભાઇ,
ત્યારે ઓળખાશે શ્રી રઘુરાઇ તે, ફરવું મટે ચારે ખાણનેરે. ૧
સંતની સેવા કરો મન સાચે, જાચે તો જગજીવન જાચે,
પ્રેમ કરીને પ્રભુ શું નાચે તે, મટે જનમની આપદારે. ૨
પ્રેમથી પ્રભુજી થાય છે રાજી, ભોગ તજીને આરોગી છે ભાજી,
વિદૂર ભક્તને કરીયા છે રાજી, તો જાતના જાણે જીવનીરે. ૩
નાત જાત અભિમાન તજોરે, પ્રેમ ભક્તિનો શણગાર સજોરે,
હરિચરણે દેહભાવ તજો; તો સહાય કરશે શામળોરે. ૪

પદ ૧૭ મું.

(રાગ ધોળ--સરવડાનો.)

સદગુરૂ સ્વામીને શરણે થાને, માન બડાઇ મૂકીને જાને,
સેવા કરી મુખે હરિ ગુણ ગાને, તો ટળશે જન્મની આપદારે, ટેક
જન્મ મરણનું જોખમ ભારી, મુવા મુઝાઇ ઘણા નરનારી, સદગુરૂ
સ્વામીને જાઉં બલિહારી તો શરણે આવ્યાને ઉગારિયારે. ૧

અનેક અવતાર અવનિમાં ધરિયા, લક્ષ ચોરાશી ફેરાજ ફરિયા,
સદ્ગુરૂ શરણથી ઉધ્ધરિયારે તો શરણે આવ્યાને ઉગારિયારે. ૨
રાધે સદ્ગુરૂ શરણે તમારી, હરિચરણને લેજો ઉગારી,
તન મન ધન સૌ તમપર વારી, તો આશા છે અવિનાશનીરે. ॥ ૩॥

પદ ૧૮ મું.

(રાગ ધોળ સરવડાનો.)

આદિ પુરૂષ અખંડ અવિનાશી, તે માંહેથી શક્તિ પ્રકાશી,
આજ્ઞા કરોને હું રાવરી દાસી, તો કરીએ મંડાણ આદરીરે. ટેક
માયા માંહેથી ઇક્ષણા કીધી, મહતત્વ સ્ફૂરણા પ્રગટ કરી લીધી,
ત્રણ ગુણ ત્રિપુટી પ્રકાશી દીધી, તો સૃષ્ટિ રચી તેણે જાઇરે. ૧
તમો ગુણથી મહાભૂત પંચ વિશે, રજોગુણથી ઇંદ્રિય દશ દિશે,
સત્વગુણથી અંતઃકરણ વિશે, તો તત્વ ચોવિશ મલી રહ્યાંરે. ૨
ચોવીશ તત્વનો દેહ કહાવે, અંતરજામી તે આપ સુહાવે,
તેનાથી ચેતન પ્રકટાવે, તો ક્રિયા કરે મન ભાવતીરે. ૩
રાધે સદ્ગુરૂ મળિયા છે પૂરા, સંદેહ સંશય કરિયા છે ચૂરા,
હરિચરણ હરિ હાલ હજુરા, તો સદ્ગુરૂ દેવે દયા કરીરે. ૪

પદ ૧૯ મું.

(ધોળ શરવડં.)

પ્રથમ સદ્ગુરૂ સાધન ભાખે, વિવેક, વૈરાગ્ય, ષટ્ સંપત્તિ રાખે;
દુબ્ધા દુર્ગુણ દુર કરી નાખે, તો ચાખે હરિરસ પ્રેમથીરે. ૧
પંચમહાભુત તન્માત્રારે પંચ, ત્રણ ગુણ મળીને રચીયો છે સંચ,
ઇંદ્રી અંતઃકરણે મળીયો છે મંચ, ચેતન સત્તા ધારવીરે. ૨

ચાર દેહે અવસ્થારે ચારી, ઇડા, પીંગળા, શુષુમણા નાડી,
ત્રિપુટીયે શું લાગી છે તાળી, તો જળહળ જ્યોતું પ્રગટિયુંરે. ૩
ત્રણ અવસ્થા બુદ્ધિની કહીયે, ત્રણેનો સાક્ષી તુર્યાપદ લહીયે, ચૈતન્ય
જાણી વિકારોને દહીયે, તો અભયપદને ઓળખોરે ૪
અભયપદ ઓળખાવે ગુરૂદાતા, સેવા કરો તો થાયે સુખ શાતા,
હેતેં હરિચરણે ગુણ ગાતાં, તો અહોનિશ શરણે રાખજોરે. ૫

પદ ૨૦ મું

(રાસની ગરબી)

રવિ ભાણ ગુરૂ જેને ભેટીયા, તેનાં લક્ષ ચોરાશી મેટીયાંરે–રવિ૦
અનેક પરચા જગતને આપિયા, ધર્મ વૈષ્ણવ કેરા સ્થાપિયારે–રવિ૦ ૧
શુભસ્થાન તે શેરખી સ્થાપીયું, શરણે આવ્યાને અભયદાન આપીયુંરે
બંદીવાનોની બેડીઓ તોડીઓરે, બાલી રાજાના મદને મોડીયોરે ર૦ ૪
આવી અવનિમાં અતિ દુઃખ કાપીયાં, પટેલપુંત્રને જીવતદાન આપીયાંરે
જેણે વાણીયાંનાં વ્હાણોને તારિયાં, કાળ કટકને પાછાં વાળીયાંરે રવિ૦ ૬
હરિચરણને હેતે ઉગારિયો, ભવસાગરમાંહિથી તારિયોરે રવિ૦ ૭

પદ ૨૧ મું

(રાસ ગરબી)

રવિભાણ ગુરૂ ભવ દુઃખ કાપશે; એ તો પોતાનું પ્રિય પદ આપશેરે
અનેક જીવોને આપે તારિયારે; શરણે આવ્યા તે સૌને ઓધારિયારે
સૂર્ય ઉગ્યોને તિમિરને ટાળીયું; જ્ઞાન અગ્નિથી પાપ પરજાળીયુંરે
શુદ્ધ ભાવ ધરી સેવે જે આપને, તેના ટાળે ત્રિવિધી તાપનેરે

જેણે તન મન શ્રી ગુરૂજીને સોંપીયાંરે, પાપ પૂર્વના પ્રૌઢા લોપીયાંરે
ગુરૂ ગોવિંદ એક રૂપ જાણશેરે; તે તો મુક્તિનાં સુખને માણશેરે
ગુરૂરાધે મલ્યાને ઋણ છુટીયુ રે, હરિચરણનું આવરણ તુટીયુંરે રવિ૦

પદ ૨૨ મું

(રાસ ગરબી)

શેરખીમાં સદ્દગુરૂજીનું ધામ છેરે, ગુરૂ ગાદીને શ્રી લક્ષમણ રામછે–શે ૧
બાગ બંગલા બગીચાને મેડીયોરે, નીચે રૂડી વેપારીની પેઢીયોરે; શે ૨
શિવમંદિર સારૂં અતિ શોભતુંરે, ચતુર્ભૂજનું મંદિર સામે ઓપતુંરે; શે ૩
ઘણા જાત્રાળુ દર્શને જાય છેરે, દર પુનમના મેળા ભરાય છેરે; શે ૪
શુદ્ધ ભાવેથી શ્રદ્ધા જે રાખશેરે તે તો મન વાંચ્છિત ફળ ચાખશેરે; શે ૫
વ્હાલો મન માન્યાં ફળ આપશેરે, શરણે આવ્યાનું સંકટ કાપશેરે; શે ૬
દાન વિદ્યાને અન્નનાં અપાય છેરે, સાધુ સંન્યાસી બ્રહ્મભોજ થાયછેરે; ૭
રાધેગુરૂ મળ્યાને ઋણ છુટીયુંરે હરિદાસનું બંધન તુટીયુંરે; શે ૮

પદ ૨૩ મું

(રાસની ગરબી)

શરણે આવ્યાને સદ્દગુરૂ રાખજોરે, દયા કરીને દર્શન દાખજોરે ૧
દીન જાણીને દાસને તારજોરે, ભવ સાગરથી પાર ઉતારજોરે ૨
માત તાત અને ભ્રાત ભગિની તમોરે, ભક્તજનને ગુરૂદેવ તમે બહુ ગમોરે
અવગુણ કાઢીને સદ્દગુણ સ્થાપજોરે; શરણ આવ્યાને અભયપદ આપજોરે ૪
અવગુણ જોશો તો પાર આવે નહીરે, દોષ ઝાઝાને ગુણ તો છે નહીરે ૫
બિરદ બાનાંની લજ્જા રાખજોરે, દોષ દુર્ગુણને દૂર કરી નાખજોરે ૬
ગુરૂરાધે મળ્યા ગુણ જાજ્વા છોરે; હરિ ચરણ તણા શિરતાજ છોરે ૭

સાખી.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈષ્યને નીચ જાતિ ચંડાળ;
કર્મે વર્ણ થયાં બધાં, એક ઝાડની ડાળ.

જળ, સ્થળ, સઘળે વ્યાપક શ્રી જગદીશને જાણજોરે, અણુ પરમાણુને રજ માંહી પણ એજ; એવું જાણો તો મુક્તિ સુખને માણસોરે.

સાખી.

પ્રભુને જગ જાણે નહીં, પ્રભુ તો સૌની પાસ,
હરિચરણ જાણ્યા વિના, અજ્ઞાના સૌ દાસ.

જપ તપ, ટીલાં અને તીરથ માંહી તે રહ્યારે, યજ્ઞ યાગને કથા જ્યાં કહેવાય. એવું જાણો તો મુક્તિ સુખને માણસોરે.

સાખી.

નિર્મળ જળમાં નિર્મળો સુંદર સૂર્ય પ્રકાશ.
ડોળાંમાં દેખાય નહીં. અંતર ઉંડી આશ.

આશાપાશ ત્યજીને નિરાશ થઇને નિર્ખજોરે, હરિચરણે આજે થાઓ હરિના દાસ. એવું જાણો તો મુક્તિ સુખને માણસોરે.

પદ ૨૬ મું.

(ધોળ રાગ સ્ત્રી ગીત.)

ગણપતિદેવનું સ્થાપન કરીયે, સંસાર દુઃખથી તરીયેરે;
અડચણ આવે નહિ કોઈ વાતમાંરે. ગણ૦ ૧
સુરતિ બાઇનો વિવાહ કરવો, અખંડ વર વૃત્તિને વરવો,
શરણે તે જઇએરે; સદગુરૂ દેવનેરે. ગણ૦ ૨
વિવેક આદિ સાધન ચારી, દૃઢ કરીને હૃદયમાં ધારી,
અધિકારી થાશો તો ગુરૂનાં જ્ઞાનનારે. ગણ૦ ૩

ગર્વ તજીને ગુરૂની સેવા, અખંડ સુખને રહેજે રે લેવા,
તન મન ધન સૌ શ્રી સદ્દગુરૂને સોંપીયેરે. ગણુ૦ ૪
શ્રીગુરૂ રાધે શ્યામજ મળીયા, તાપ ત્રિવિધ ટળીયારે,
હરિચરણને હેતેથી ઉગારીયારે. ગણુ૦ ૫.

પદ ૨૭ સું,

(રાગ એજ.)

ઘેર પધારો ગણુપતિ દેવારે, આજ સુરતી બાઇના વિવારે,
જાન તે આવી છે જગદીશનીરે. ઘેર૦ ૧
હરિહર બ્રહ્મા જેવારે, જાને આવ્યા દેવારે,
ચાંદોને સુરજ દેવ સાખીયારે. ઘેર૦ ૨
મેદાન માંહિ મંડપ રચિયા, સજ્જન સંતો આવી મચીયા,
ચિન્ત ચોટામાં ચોરીઓ ચિતરાવીઓરે. ઘેર૦ ૩
અબિલ ગુલાલે અરચા કીધી, કેસર કુમ કુમ ઘોળી દીધી,
રંગ રાગની રેલ છેલ મચી રહીરે. ઘેર૦ ૪
કન્યાદાન કૃષ્ણ ને આપ્યાં, ભવના બંધન કાપ્યાંરે,
સદ્દગુરૂએ સોંપી તે હાથ સાહીનેરે. ઘેર૦ ૫.
દાસ જાણીને દયા આણી, હરિચરણે કીધી પટરાણી,
ફેરો તે ટાળ્યો છે ફોગટ ફંદનોરે. ઘેર૦ ૬.

પદ ૨૮ સું.

ગરબી. (ચાલો ડાકોરમાં જઇ વસીએ એ રાગ)

શરણે આવ્યો છું સદ્દગુરૂ દેવા.
શુદ્ધ ભાવથી કરવા સેવારે, શરણે૦ ૧

પદ ૨૪ મું

(રાગ ગરબો–પુનમ ચાંદની)

વિશ્વપતિ તમે વ્હારે વ્હેલા આવજોરે, કુડો કળિયુગ આવ્યો છે કરાળ;
હરિદાસને હેતેથી ઉગારજોરે.

સાખી.

વર્ણાશ્રમ વિંખાઇ ગયો, રહ્યા નહીં કંઇ ધર્મ;
મર્મ વિનાનાં માનવી, કુડાં કરતાં કર્મ.
વર્ણાશ્રમની વર્ત્તણુંક રહી નહીંરે, ધર્મ કર્મને તો પાળે નહીં કોઇ;
હરિદાસને હેતેથી ઉગારજોરે.

સાખી.

માત પિતાને નવ ગણે; વ્હાલાં શ્વસુરનાં સર્વ;
અવળાં આચરણ આચરી, મનમાં રાખે ગર્વ.
એવી અનીતિ આ વિશ્વમાં વ્યાપી રહીરે, ત્રાહિ ત્રાહિ હવે રક્ષા કરજો નાથ.
હરિદાસને હેતેથી ઉગારજોરે.

સાખી.

વેદ ગુરૂને શાસ્ત્રથી, અવળા ચાલે લોક;
નિશદિન નીચા સંગથી, મન માને છે શોક.
એવા દુઃખદરિયાથી દૂર સદાયે રાખજોરે, જલદી ઝાલો આવી હરિ હમારો હાથ.
હરિદાસને હેતેથી ઉગારજોરે.

સાખી.

નાટક–ચેટક મન વસ્યાં, કથા શુણે નહીં કાન;
સાધુને સેવે નહીં, જુઠાને દે માન.

પાપ પાખંડોની પીડામાં પચી રહ્યારે; દાસ હરિચરણ થાય છે દિલગીર,
હરિદાસને હેતેથી ઉગારજોરે.

પદ ૨૫ મું.

(રાગ એજ.)

વિશ્વપતિ પ્રભુ વિશ્વમાં વ્યાપી રહ્યારે, હરિ વિના નથી ઠાલું એકે ઠામ;
એવું જાણીને મુક્તિ સુખને માણજોરે.

સાખી.

ભૂષણ, સૂવર્ણ; ભિન્ન નહિં, જેમ ભાંડું મૃત્તિકા ભાસ;
સૂર્યજ સઘળે એક છે, કરે ભિન્ન ભિન્ન પ્રકાશ.
અંતર્યામી તો આપણથી અલગા નથીરે, સારી બુદ્ધિથી જોજો સરવે જન.
એવું જાણો તો મુક્તિ સુખને માણશોરે.

સાખી.

પટ તંતુ ન્યારા નહીં, પડી જૂજવી જાત;
વિવિધ રંગને જોઇને, બીબાં તેવી ભાત.
નાત–જાત તો એવી સહુની જાણજોરે; વર્ણાશ્રમમાં તેના ધરિયા છે બહુ વેશ;
એવું જાણો તો મુક્તિ સુખને માણશોરે.

સાખી.

કાષ્ટ વિષે વન્હિ રહે, તલ માંહિ જેમ તેલ;
સાકરમાંહિ મિઠાસ છે, એમ મળ્યો આ મેળ.
કીડી–કુંજર સૌમાં સત્તા છે શ્રી રામનીરે, વનસ્પતિયો ને ઔષધિયો અપાર.
એવું જાણો તો મુક્તિ સુખને માણશોરે.

મારા માત તાતને ભ્રાત, તમે સાક્ષાત, સત્ય એ વાત
દયાના સિંધુ (૨) શરણે—૩
તરણુ તારણુ છો ગુરૂદેવ, કરૂં નિત્ય સેવ, આપો નિજ ભેવ
દયાના સિંધુ—૪
મુજ દોષ ઘણા મહારાજ, કહેતાં આવતી લાજ, બક્ષો શિરતાજ
દયાના સિંધુ(૨)—૫
ગુરૂ સાધીને સુખ સાજ, તમો મહારાજ, કરો શુભ કાજ
દયાના સિંધુ (૨)—૬
હરિચરણુ હજુરીદાસ, રાખો નિજ પાસ, પુરી કરી આશ
દયાના સિંધુ; શરણે—૭

પદ ૩૨ મું.

(રાગ લાવણી, ત્રિતાલ)

જય જયતિ જગદગુરૂ દેવ, કરૂં નિત્ય સેવ, રહું અહમેવ
રામ રખવાળી. (૨)
તુજ નામ રૂપને ગુણુગણુપર જાઉં વારી,—જય—૧
તમે કર્યાં ભકતનાં કામ, અવતર્યાં રામ, અયોધ્યા ધામ
રામ રખવાળી. (૨)—૨
હણ્યો લંકાપતિ દશશિષ, ભુજા છે વીશ, તમે જગદીશ
રામ રખવાળી. (૨)—૩
વિભિષણુને દીધું રાજ, કર્યું શુભ કાજ, ગરીબ નિવાજ
રામ રખવાળી—૪
સતી સીતાને લઇ સાથ, આવ્યા રઘુનાથ, કરવાને સનાથ
રામ રખવાળી (૨)—૫

કર્યું અવધપુરીમાં રાજ, સુધાર્યાં કાજ, રાખજો લાજ
રામ રખવાળી—૬
હરિચરણ દાસનો દાસ, રાખજો પાસ, એજ છે આશ
રામ રખવાળી—૭

પદ ૩૩ મું.

રાગ પ્રભાતિયું અથવા સમયાનુસાર.

રઘુકુળ રામ રટોને પ્રાણી, ના બેસે કાંઇ નાણું રે;
અમુલખ અવસર એળે જાયે, ફરી નહીં આવે ટાણું રે. રઘુકુળ ટેક ૧
અન્ય વિષયમાં આળસ ન મળે, હરિ ભજતાં કેમ હારોરે?
અનેક યોનિ આથડતાં તે, ખાધી જમની મારોરે. રઘુકુળ. ૨
હજી સમજ તું હજીએ સમજ તું, સમજે તો બહુ સારૂ રે,
સામગ્રી આ સર્વ હરિની, મુકને મારૂં તારૂ રે. રઘુકુળ. ૩
હું મારૂં એ બંધન બેડી, જગમાં જીવ બંધાયારે,
સગાં સહોદર સર્વે મ્હારાં વહેતાં પુરમાં ન્હાયાંરે. રઘુકુળ. ૪
પ્રપંચ સરવે પડતા મૂકો, સંતને શરણે આવોરે;
ભજનને સ્મરણ ભાવે કરી લ્યો, દેહ ધર્યાનો લ્હાવોરે. રઘુકુળ. ૫
ભરતખંડમાં ભાગ્યેરે ભળીયો, લો ભક્તિનો લા'વોરે;
હરિચરણના સ્વામીને સમરો, જમનો નહીં રહે દાવોરે. રઘુકુળ ૬

પદ ૩૪ મું.

(પ્રભાતિયું—ઉપર પ્રમાણે)

શાનેરે માટે સ્નેહ કરે છે, દુનિયાં છે દોરંગીરે.
સ્વાર્થ સઘળા સાધી લેશે, અંતે નહીં કોઇ સંગીરે. શા.

દુર્ગુણ દોષને દૂરજ કરજો.
દીન દાસનાં સંકટ હરજોરે, શરણે૦ ૨
દુષ્ટ દુર્જનનો સંગ દુઃખદાઇ.
એવા સંગથી લેજો બચાવીરે, શરણે૦ ૩
માતા પિતા સહોદર સ્વામી.
સદ્‌ગુરૂ છો અંતરજામીરે શરણે૦ ૪
ચારે ખાણનું દુખ બહુ ભારી.
એથી લેજો ગુરૂજી ઉગારીરે, શરણે૦ ૫
સ્થાવર જંગમને નરનારી.
કરે કષ્ટ દશા દુખકારીરે, શરણે૦ ૬
ગુરૂ રાધે મળિયા સુખકારી.
હરિચરણને લેજો ઉગારીરે, શરણે ૭

પદ ૨૯ મું.

(એજ રાગ)

પ્રભુ પ્રાણ પતિ છો પ્યારા, ક્ષણ નિમિષ ન કરસો
ન્યારારે, પ્રભુ૦ ૧
અવગુણ અનેક હમારા સ્વામી,
મ્હાનું જાણી રક્ષો બહુનામીરે. પ્રભુ૦ ૨
બાળ બુધ્ધ હમારી છે થોડી,
માયા મોહમાં મમતા જોડીરે. પ્રભુ૦
તમે નિર્ધનનું પ્રભુ નાણું,
મારૂં ઠરવાનું છોરે ઠેકાણુંરે. પ્રભુ૦ ૪

મ્હારા પ્રાણવલ્લભ પ્રભુ સોઇ,
નથી અમર આપ વિણુ કોઇરે. પ્રભુ૦ ૫
જન્મો જન્મનો દાસ તમારો,
હરિચરણના દોષ નિવારોરે. પ્રભુ૦ ૬

પદ ૩૦ મું.

(રાગ એજ.)

ચાલો શેરખી દર્શન કરવા, ભવોભવનાં પાપોને હરવારે ચાલો; ૧
રવિ ભાણુ ગુરૂની છે ગાદી; મોક્ષ શેરખી અનાદિરે, ૨
શ્રીરામ લક્ષ્મણ જ્યાં રાજે, સતી સીતા માત બિરાજેરે. ચાલો; ૩
ઉંચો મંદિર મંડપ શોભે, જોઇ મુનિવરનાં મન લોભેરે, ૪
વળી શંકરનું ધામ સારૂં, સ્હામે મંદિર ચતુર્ભુજ ચારૂરે. ચાલો; ૫
ધુપ દીપ અખંડ રહે છે, ધર્મનાદ ગાજ્યા કરેછેરે, ૬
કથા કીર્તન નિશદિન થાયે, દર પુનેમે મેળા ભરાયેરે. ચાલો; ૭
સાધુ સંત ઘણા ત્યાં રહે છે, તન મનના તાપ દહેછેરે, ૮
શુધ્ધ ભાવથી સદ્ગુરૂ સેવે, તેને મન વાંચ્છિત ફળ દેવેરે. ચાલો; ૯
રાધે સદગુરૂ મળીયા સ્વામી, હરિચરણની વેદના વામીરે, ૧૦

પદ ૩૧ મું.

(રાગ લાવણી)

સદ ગુરૂ શ્રી રવિરામ, હમારા સ્યામ, પુરો મન કામ
દયાના સિંધુ—(૨)
શરણે આવ્યા. જીવોનો તાપ હરો દીનબધુ—૧
ત્યજી ન્યાત કુટુંબ પરિવાર, લેવાને સાર, આવ્યો તમ દ્વાર
દયાના સિંધુ—શરણે—૨

પદ ૩૭ મું.

(રાગ ધોળ—સમયાનુસાર.)

પામર પાપી ! અંધ અભાગી ! અંધારી શું ઓઢીરે ?
સીધે માર્ગે નથી ચાલતો, મરજાદા શું તોડીરે ? પામ. ૧
જન્મ મરણનું જોખમ માથે, શા માટે તેં રાખ્યુંરે ?
પ્રેમ ધરી પ્રભુભક્તિ રસનું અમૃત કેમ ન ચાખ્યુ રે ? પામ. ૨
તું જાણે હું ડાહ્યો ડમરો, મુજ સરખો નહીં કોઇરે,
જમકિંકર જકડી લઇ જાશે ત્યારે રહેશે રોઇરે. પામ. ૩
માટે મનવા માની લેને, સંત શિખામણ સાચીરે,
મોહ જાળમાં મૂરખ મોહ્યો, બુધ્ધિ ત્હારી કાચીરે. પામ. ૪
સીધો મારગ શ્રી સદ્‌ગુરૂનો, તે માર્ગને ઝાલોરે,
હરિચરણ કહે ગુરૂ પ્રતાપે, મુક્ત થઇને મ્હાલોરે. પામ. ૫

પદ ૩૮ મું.

(દયા દીલે લાવોરે એ લય.)

કૃષ્ણજી કાળારે, આપો હરિ માળારે. હરનિશ હ્રદયે રાખીયેજી.
એ માળાના ગુણ છે અનંત અપાર. કૃષ્ણજી કાળારે. ટેક.

સાખી.

માળા આપો પ્રભુ પ્રેમની, ગુણ ગાવા મન થાય;
દાસ જાણી દયા કરો, દેવકીસુત જદુરાય.
પ્રભુ છો દયાળારે. (૨) હરનિશ હ્રદયે રાખીયેજી. ૧

સાખી.

કાજળ સિંધુ સમાવીએ, તરૂવર લેખણુ સાર;
નારદ શારદ લેખતાં, ગુણુનો નાવે પાર.
ભક્તિ દો કૃપાળારે. (૨) હરનિશ હૃદયે રાખીયેજી. ૨

સાખી.

વીસા ન મૂકો વીઠલા, મનનો વેગ અપાર;
ચરણે ખૂંદો ખેડજો, શામળીઆ કીરતાર.
ટાળો મોહ જવાળારે. (૨) હરનિશ હૃદયે રાખીયેજી. ૩

સાખી.

હરિ ચરણે હરિ રાખજો, ત્રોડી જગ જંજાળ;
ભવાબ્ધિમાં ઉગારજો, જાણીનેનિજ બાળ.
ભજીયે ગોપાળારે. (૨) હરનિશ હૃદયે રાખીયેજી. ૪

પદ ૩૯ સું.
([illegible]રનો રાગ.)

રામજી રૂપાળા [illegible]શરથ બાળારે.
જપું નામ માળારે, દિલનાં દુખડાં ટાળજો હોજી,
પ્રભુજી પ્યારા ! આપ છો અવનિના આધાર. રામજી૦ ૧
પાપ, તાપ, સંતાપથી પૃથ્વી પામી ત્રાસ,
ગૌરૂપે શરણે જતાં, પ્રકટયા શ્રી અવિનાશ.
એ શરણું તમારૂંરે, સુખ કરનારૂંરે,
અહો નિશ ધારૂંરે, દીનમાં દુખડાં. રામજી૦ ૨

સેવક થઇને શરણે આવે, મનના મળ નથી તજતારે;
કામી કુટિલ દુર્જન જન એવા, શ્રી હરિને નથી ભજતારે. આ. ૨
ઉપરથી બહુ થાય આપણા, મનના મહા હરામીરે;
બોલ્યું પોતાનું નવ પાળે. જાણે નહીં નિજ સ્વામીરે. આ. ૩
મરિયાદા મ્હોટાની લોપે, શાસ્ત્ર પુરાણનું કહેવુંરે;
ગુરૂ ગોવિંદની બીક ન રાખે, મન માને તેમ રહેવુંરે. આ. ૪
અતિ ઉલટા આચારો આવા, તે ઘોર નરકના વાસીરે;
તીર્થ યાત્રા વૃથા તેમની, જાય ભલે નિત્ય કાશીરે. આ. ૫
રાખે સદ્‌ગુરૂ સ્નેહ ધરીને, સેવાથી ઉગારોરે;
હરિચરણના હેતુ થઇને, ભવસાગરથી તારોરે. ઉપ ૬

પદ ૩૫ મું.

(પ્રભાતયું રાગ સમયાનુ સાર)

પૂર્વ જન્મ પાપે કરીને શઠ જનનો સંગ થાયેરે
લાજ મર્યાદા શાન્તિ ક્ષાન્તિ દેવી ગુણ દુર થાયેરે ૧
દાન દયા દિલમાં નહિં ધારે કામ ક્રોધ મદમાતારે
મોહ નિદ્રામાં મૂઢ થયા છે અંતર નહીં સુખ શાતારે ૨
બોલે બંધ નહીં બોલાને જેમ ફાવે તેમ ફાડેરે
હરતાં ફરતાં જુઠ વદે છે ઉંચા મ્હોટે ઉપાડેરે. ૩
એવાને ઉપદેશન ભાવે, વદે શાસ્ત્રની વાણીરે
શિવ બ્રહ્માદિક એથી હાર્યા દુઃખને સુખ લ જાણીરે
શ્રીહરિનું સમરણ કરવાથી, એવા સંગથી છુટરે
મોહ મમતની બેડી તેની ઇશ કૃપાથી તુટેરે

બળવંતા પરમેશ્વર બેલી બુમ સાંભળજો મારીરે
અરજ સ્વીકારી અંતર્યામી તુર્તજ લેજો તારીરે ૬
અંત સમાગમ આપો સ્વામી દુર્જનનું દુઃખ ભારીરે .
શું રે કરૂં હું કર્મને આધીન આજ રહ્યો મન મારીરે ૭.
અંતર દુઃખથી અર્જ કરૂ છું અલબેલા ઉર ધરજોરે
રાવે સદગુરૂ સ્વામી હમારા સંકટ સઘળાં હરજોરે ૮
ઘડી ઘડીના ગુન્હા હમારા માફ કરજો મહારાજરે
ત્રાહિ ત્રાહિ હરિ ચરણ કરે છે સર્વ સુધારો કાજરે ૯

પદ ૩૬ મું

(રાગ ઘોડા અને સમયાનુસાર.)

ગર્ભવાસમાં કોલ કર્યો તો, તે દહાડા કેમ ભૂલ્યોરે,
કુટુંબ કબીલાની લારે લાગી, મનમાંહિં શું ફૂલ્યોરે? ગર્ભ. ૧
તાદાત્મ્ય વૃત્તિ છે ત્હારી, વ્હેવારમાંહી વ્હાતોરે;
હજુય સમજ તું હજુ સમજને, જઇશ તું ગોથાં ખાતોરે. ગર્ભ. ૨
બાલ્યાવસ્થા રમત ગમતમાં જોતાં જોબન ખોયુંરે,
બુઢ્ઢાપણુ આવ્યું આ તુજને, માયામાં મન મોહ્યુંરે. ગર્ભ. ૩
શિખામણ સમજી નહીં સારી, વેદ પુરાણની વાણીરે,
અંધો થઇ અથડાયો પ્રાણી, બેલ થયો લઇ ઘાણીરે. ગર્ભ. ૪
સંક્ષેપે જો સમજી લ્યો તો, સુધરે સરવે કાજરે,
હરિચરણના સ્વામીને ભજતાં, આવે અખંડિત રાજરે. ગર્ભ. ૫

તતપદ ઇશ જીવ ત્વમ પદહય, અસિ બ્રહ્મ અમોલ,
માયા અવિદ્યા તજો ઉપાધિ અખંડાનંદ અડોલ ફર૦
મોરાર સદગુરૂ મનકા મેરમ મંદીર જ્ઞાન અતોલ
ચરણુદાસ બ્રહ્મ સાગર માંહિ નિશદિન ઝાકમ ઝોલ અ૦

પદ ૪૩ મુ..

(રાગ જંગલો ઉપર પ્રમાણે.)

ખોલી દેખ નિજ નેન-નેન અબ.
માનવકો તન મહા મનોહર, મૂક્તિ અમર ફલ દેન;
તાકો મહિમા જાનત નાહિં, જાત વિષય ફલ લેન. અબ. ૧
મહામોહ અજ્ઞાન નિશીમેં, કિયો નિરંતર સૈન;
સમર્થ સદ્ગુરૂ સદા જગાવત, હજુ ન ત્યાગત ઘેન. અબ. ૨
બ્રહ્મ વિદ્યાસો ભ્રાંતિ મિટાવત, તાકો કર અધ્યયન;
જ્ઞાન પ્રકાશ ઉદય હોઇ અંતર, ચિત્ત મેં પ્રકટે ચેન. અબ. ૩
સ્થાવર જંગમ જગત્ બ્રહ્મ હય, બોલત સુરતી બ્હેન;
બાહિર ભીતર જલહી જૈસે, બુદબુદ, લહરી ફેન. અબ. ૪
મોરાર સદ્ગુરૂ મનકા મહેરમ, સમરથ સુખકે દેન;
ચરનદાસ તાહિ ચરનકમલમેં, મીટી અવિદ્યા રેન. અબ. ૬

પ્રારબ્ધ મહિમા.

પદ ૪૪ મું.

(રાગ, લાવણી.)

શોચ મત કરિયો નરનારી (૨) હોનહાર સો હોત જગતમેં ટરત નહીં ટારી. શો.

અગર નૃપ મખ આરંભ કીનો (૨) સુરનાયક મતિમંદ સમજ યહ
કારન મન દીનો.
યજ્ઞકો અશ્વ હરિ લીનો (૨) આઠ સહસ્ર સુત મરે ભૂપકે શાપ
કપિલ દીનો.
બાત વિપરીત ભઇ ભારી (૨) હોનહાર. ૧
અવધપતિ મંદમતિ ઉપજાઇ, રાજ રામકો દેન સાજ મંગલકી સજવાઇ;
બાત સુન કૈકઈ અકુલાની (૨) બચન માંગ બનમાંહિ પઠાયે,
લખમન રઘુરાઇ.
સંગ ગઇ જનકસુતા પ્યારી; હોનહારી. ૨
ભૂપ હરિચંદ્ર તારા રાની (૨) એક દિન સતકે કાજ તજે સુખસાજ,
રાજધાની.
એક દિન ઐસી ભઇ ગ્લાનિ (૨) ચન્દ્રમુખી સુકુમાર નીચકે દ્વાર
ભરત પાની;
સ્રષ્ટાકી રચના હય ન્યારી (૨) હોનહારી. ૩
પાંડવસુત, દ્યુત રમે જબહીં (૨) હય, કુંજર, ધન, સદન, સંપદા
હાર ગયે સબહી;
ચલત નહીં બિન બાહન કબહીં (૨) સોઇ પ્યાદે બન ચલે બીધિ
બામ ભઇ જબહી;
ગુપ્ત રહે વર્ષ અષ્ટચારી; (૨) હોનહાર. ૪
ચરિત્ર ઉનીકા યહ બરન્યા (૨) લિખા ભાલમેં અંક બિધાતા સોહી
નહીં ટરના.
તાહીતે ધીરજ મન ધરના (૨) દેવીદાસ તજ કૂડ કપટ ભજ રઘુવર
કે ચરના;
સજ્જનસેં નેકી રખો સારી. (૨) હોનહાર. ૫

મીરાં, ધ્રુવ, પ્રહલ્લાદને ભાવિક નરસિંહદાસ,
અનેક ભક્ત ઉગારીયા, એની અમને આશ.
આશ છે તમારીરે, ભયથી ઉગારીરે,
લેજો મને તારીરે, દીનનાં દુખડાં. રામજી૦ ૩
હિમનો દવ વરસે હરિ, ટાઢે કંપે કાય.
વસંત દર્શન દાખવી; હુંફ કરો રઘુરાય,
હરિ! હૃદય આધારારે, કરૂ નહીં ન્યારારે.
પ્રાણ થકી પ્યારારે, દીનનાં દુખડાં, રામજી૦ ૪

શ્રીચરણ સ્વામીનાં પદ ૪૦

(રાગ જંગલો.)

કર સદ્દગુરૂસેં હેત હેત, અબતો મનવા મેરા હૈશ્વેત કર
બાલ જોબન સબ ગયો બિલાઇ કેશ ભયે શ્વેત
શ્રૃતિ સ્મૃતિ સદા ઉચ્ચારત ચતુર હોય તો ચેત; અબતો કર ૧
જુઠી યાર જગતકી બાજી જયું બાજીગર ખેત
નાના બિધકી વસ્તુ દિખાવત અંતે રેત કી રેત ૨
જબ લગ અપના અનુભવ નાહીં તબ લગ ફિરે અચેત
વિના પ્રકાશે તિમિર નહિં નાશે યહી ઇશ્વરકી નેત અબ ૩
બ્રહ્મવેત્તા કો સંગ ન તજીયે મનવાંચ્છિત ફલ દેત
અનુભવ અમૃત પૂરણ પાવત ત્રિવિધિ તાપ હરી લેતા અબ; ૪
મોરાર સદ્દગુરૂ મનકા મહેરમ સાક્ષી શુદ્ધ સચેત
ચરણદાસ જન ચરણે લેના તન મન પ્રાણ સચેત–અબ ૫

પદ ૪૧ મું

(રાગ જંગલો)

વસો સુરસરી તીર--અબ તો મનવા મેરા; વસો૦
સાધુ રૂપ સુરસરી જામે ઉત્તમ અનુભવ નીર.
વામેં નિશ દિન ન્હાઓરે મનવા નિર્મલ હોત શરીર અ૦
વામેં વૈરાગ્ય સંતોષ ત્રિવિધ શીતલ વહે સમીર
અવિદ્યા અગ્નિ બુઝાવત અંતર પાવત સુખકી ચીર અ૦
હંસ મુમુક્ષુ સદા રહત જ્યાં દેખત બેડે ગંભીર
ભિન્ન અનાતમ તજકે પાની પીવત આતમ ખીર. અ૦
યે ગંગા કોઇક જન પરસે ધર્મ ધુરંધર ધીર;
પામર પ્રાણી નિકટ ન આવે અંધ અભાગી અધીર અ૦
મોરાર સદ્દગુરૂ સમર્થ મેરા જ્યું પ્રકટે રઘુવીર;
ચરણદાસ જન અપનો જાની મિટાઇ મનકી પીર અ૦

પદ ૪૨ મું

(રાગ એજ)

કર લે અપના તોલ-તોલ અબતો મનવા મેરા કર૦
કલ્પવૃક્ષ કો કાપી ભાઈ કયું બોવત બંબોલ;
જ્ઞાન ગંગા કો ઘટ મેં ત્યાગી ઓર તીરથ મત ડોલ કર૦
યે તનકો અભિમાન ત્યજી, કે અહં બ્રહ્મ મુખ બોલ;
જીવ બ્રહ્મ સેં ન્યારા નાહી કહત બજાઇ ઢોલ કર૦
તત્ત્વમસિપદ બેદ બખાને અર્થ જથારથ બોલ;
ગુરૂમુખ હોય કે શુદ્ધ વિચારી દેખો બ્રહ્મ અમોલ કર૦

રવિરામ સ્વામીકૃત

પદ ૪૫ સું.

પ્રતિજ્ઞાનું પદ.

(રાગ ગોડી.)

ઐસી હય પ્રતિજ્ઞા, અબ મોહે ઐસી૦
કાશી–કેદારમેં કબહુ ન જાઉં સંત ચરણ તારૂં ગંગા; અ ૨
જોગી જતિ તપસી સંન્યાસી વૈરાગી. તીરથ ન્હાઇ
કડવી વેલડી તુંબી કર ગ્રહી મીઠી કબહુ ન થાઇ—ઐ૦ ૧
તન તુંબી માંહી કડવા વિકારા તીર્થ ગયે નહીં છુટે,
બ્હોત ફરે તબ બડે અહંકારા દિન દિન દૂના ચોટે; અ૦ ૩
સંત સરોવર માંહિ હરિજશ ભરિયા વામેં નિશ દિન ઝીલું;
કામ ક્રોધ અહંકાર બઢે તો તૂર્ત પકડ કર પીલું અ૦ ૪
જ્ઞાન ગરીબી સાધુકી સેવા સદગુરૂકા નિજજ્ઞાન
મણા પ્રસાદી સંત ચરણરજ મગન રહું ગુલતાન અ૦ ૫
સગુણ નિર્ગુણકા નિજમૂલા સાચા સંત બતાઇ
રવિદાસ સંતકું શિર નમાવૈં આવાગમન મીટ જાઇ—અ૦ ૬

પદ ૪૬ મું.

(રાગ ગોડી.)

રમતા રામ હમારા, સંતો ભાઇ રમતા રામ હમારા.
જહાં ઠહરાવું વહાં હરિ નાહિં, ઐસે અપરંપારા. સંતો. ૧
કોઉ કહે હરિ નાભિ નિરંજન, કોઇ કહે હૃદય પ્રકાશા,
કોઉ કહે હરિ દશમે દ્વારા, કોઉ કહે ત્રિકુટી બાસા. સંતો. ૨
કોઉ કહે હરિ નાસા કે અગ્રે, દ્વાદશમેં દરશાવે,
કોઉ કહે હરિ નેન ઝરૂખે, અકલ કલ્યા નવજાવે. સંતો. ૩
સબ કોઇ ગાવે અપને અનમાના, શુન્ય ભણુકામેં ભૂલા,
કર્મયોગમેં સબ કુચવાયા, પાયા નહીં નિજ મૂલા. સંતો. ૪
રોમ રોમપર અનંત બ્રહ્માંડા, રગ રગમેં રહે બોલે,
આપ ખોજે તો પાવે પારસમની, ખબર વિના યહિ ખેલે. સંતો. ૫
નિરાકાર, નિર્લેપ, નિરંજન, લેખે બિના અલેખા,
રવિદાસ ચહિ, સદ્ગુરૂકી સમસ્યા, પૂરૂષ નિરાલા પેખા. સંતો. ૬

પદ ૪૭ મું.

રાગ માઢ.

ઓ પામર પ્રાણી, લેને તું જાણી, સંત શિખામણ સાર; ટેક.
[illegible]
[illegible] પામર ૧
[illegible] પ્રાણી, [illegible]
લોક કુટુંબની લારે તું તો, વાતોમાં ગુલતાનરે. ઓ પામર ૨

ધનને માટે દોડીઓરે, દેશ વિદેશે ધાય,
પરમારથમાં કાંઈ ન જાણે, તેથી મુક્તિ ન થાયરે. ઓ પામર ૩
શુભ કર્મથી આળસુને, અશુભમાં છે પ્રીત,
દુર્ગુણને તો તું દુર કરે નહિ, એવી છે પામરની રીતરે. ઓ પામર ૪
શુભ ગુણને શીખે નહિરે, અવગુણનો આગાર,
હરિચરણ કહે પૃથ્વી ઝીલે, કેમ પામર કેરો ભારરે. ઓ પામર ૫

પદ ૪૮ મું.

રાગ માઢ.

ઓ ગણપતિ દાતા, દે સુખ શાતા, ગૌરી પુત્ર ગણેશ.
સુમતિ આપો સર્વદા, કુમતિ કાપો દેવ,
ગુણ ગાવા ગોવિંદના, મને દેજો તમારી સેવ. ઓ ગણ૦ ૧
ઘૃત સીંદુર સ્નેહે ચડે, પીતામ્બર પોષાક,
માથે મુકટ સોહામણા રૂડો પ્રસાદમોદકપાક રે. ઓ ગણ૦ ૨
શુદ્ધિ બુધ્ધિ સુંદરી, કેસરી તિલક લલાટ,
ગજવદના ગુણગ્રામ છો પ્રભુ; ભકત તણા પ્રતિપાળ. ઓ ગણ૦ ૩
આદિ અનાદિ દેવ છો, કારણ રૂપ કથાય,
તેત્રીશ કોટિ દેવમાં, પ્રભુ પ્હેલી પૂજા થાય. ઓ ગણ૦ ૪
રીધ્ધ સિધ્ધ આપો સર્વદા, વાંચ્છા પૂરણ થાય,
સાર ધરો પ્રભુ દાસની, દુઃખ ને દારિદર જાય. ઓ ગણ૦ ૫
શ્રી સદગુરૂ પ્રતાપથી, ગુણ ગાયો [illegible] મન આશ,
હરિચરણ કર જોડી કહે, જેથી ભવજળ પાર પમાય. ઓ ગણ૦ ૬

પદ ૪૯ મું.

(રાગ, માઢ.)

ઓ, અન્નદાતા, કરો સુખશાતા, આરાધું અન્નદેવ;
અન્ન વિના આ અખિલ જગતને ઘડીયે ન ચાલે નેટ;
ઉધણુ એને અર્થ્ય કરે છે, પ્રભુ! ભરોને પેટ. ઓ. ૧
એથી સઘળું ઉપજ્યું ને સ્થિતિ પણ એથી જાણ,
રજ વિરજ એથી થયું ને એથી થયું મંડાણ. ઓ. ૨
અન્ન કોપથી ઉતરે રસ પચસ્થાન મોઝાર,
ચારે ખાણના જીવોનું જીવન અન્ન થકી નિર્ધાર. ઓ. ૩
સર્વ જીવોની જીવન દોરી, સૌનો એ આધાર,
એક વખત જો ના મળે તો, તૂટે તનના તાર. ઓ ૪
આગળ મહા દુષ્કાળમાં, ન્હોતું અન્નનું નામ;
કંચન સ્હામો કણુ ન મળે ત્યાં, કોણ ધરે આરામ. ઓ. ૫
તેત્રીશ કોટિ દેવની, મળી દેવ દરબાર,
અન્ન દેવનું અપમાન થાતાં વર્ત્યો હાહાકાર. ઓ. ૬
અન્નદેવ અદૃશ્ય થયા, ખોળે સઘળા દેવ,
સહુએ મળીને શોધી કહાડયા, કીધી વિધવિધ સેવ. ઓ. ૭
અન્ન આપ્યા વિના આબરૂ, કોઇની નાં બંધાય,
કર્ણ રાજાએ અન્ન ન દીધું, તે સ્વર્ગે દુખીયો થાય. ઓ. ૮
તે માટે અવતારજ લીધો, નામ ધર્યું સુકાળ,
હરિચરણના હેતુ થઇને, લેજો સૃષ્ટિની સંભાળ. ઓ. ૯

પદ ૫૦ મું

(રાગ બન્જારા)

જાગો જાગો જગતના લોક, ચોરો પેઠા છે કરવાને કોપ;
સારા ગુણોનો કરશે લોપ, જાગો૦
કામ ક્રોધ અને અહંકાર, મોહ મત્સર છે ભયકાર,
એ તો ધર્મને કરશે ફોક. જાગો૦
ચોકીદાર આવીને ચેતાવે, તોય સુતાને ભાન ન આવે;
એ તો રડશે મૂકીને પોક જાગો૦
જ્ઞાનદીપક ઘટમાં ધારો, મનમંદિરમાં ચોર ભાળો,
તેને જોઇ શકે જન કોક જાગો૦
તને વારંવાર જગાડે, તોય માયા આવે છે આડે
દીઠાં ભવનાં કષ્ટ અથોક જાગો૦
વેદવાક્યો ફરીથી પુકારે, ષટ શાસ્ત્રો સાક્ષી ધારે
ગુરૂદેવ નિભાવે નોક જાગો૦
હરિચરણ તણાં દુઃખ હરજો, આ ભવસાગર ઉધ્ધરજો
જેથી ટળે ત્રિવિધનો શોક જાગો૦

પદ ૫૧ મું.

(રાગ બંનજારો.)

જૂવો જૂવો જગતની રીતિ, જેને પ્રભુપદમાં નથી પ્રીતિ;
ધરે દુષ્ટતા દુઃખ અનીતિ. જૂવો.

માતા પિતાને ગાળો દે છે, મ્હેડે તુંકારા નિત્ય કહે છે;
નથી ધરતા ભગવદ્‌ભીતિ. જૂવો. ૧
પ્રભુભક્ત ઉપર નથી પ્રીતિ, રૂચે અંતર નીચ અનીતિ;
નથી ગમતી કથા કે કીર્ત્તિ. જૂવો. ૨
હુક્કા, ભાંગ કસુંબા તાણે. તેને નિત્ય નિયમ પરમાણે;
જેણે છેક બગાડી છે રીતિ. જૂવો ૩
દુર્વ્યસની ભેગા થાયે, ગુણો ભાંગ તમાકુના ગાયે,
કરે હાંસી, નિંદા ને અનીતિ. જૂવો ૪
એવી આસુરી પ્રભુની માયા, જેણે વશ કીધા રંકને રાયા;
પ્રભુ દયા કરે તે જાય જીતી. જૂવો. ૫
" પાહિ પાહિ " કૃપાધન નાથ, ઝાલો ભવમાં બૂડતાં હાથ;
હરિચરણને બહુ હવે વીતી. જૂવો. ૬

પદ પર મું

હનુમંત જતિ સુખકારી, શુણો અરજ આજ હમારી
લેજો વિનંતી સ્વીકારી હનુ૦
રામદુત તમે બળધામા, સદા નામ જપું હનુમાના;
જાઉં તમપર વારિ વારિ હનુ૦
શ્રીપ્રભુની સેવા કીધી, માતા સીતાની શુદ્ધ લીધી
હણ્યા અસુરો બહુ બળધ.રી હનુ૦
તવ રૂપ બાળ બ્રહ્મચારી, લ્યો સેવકને ઉગારી
છે મૂર્ત્તિ આનંદ કારી હનુ૦

મંદ્રાચલ સ્કન્ધે લઇને, અતિ કષ્ટ સ્વદેહસહીને;
કરી લક્ષ્મણની સાર ભરી હનુ૦
મારૂતિ મુજ વિનતી ધરજો, કલ્યાણ જગતનું કરજો
હરિદાસની આરત ભારી શુણો૦

પદ ૫૩ મું.

રાગ બન્જારા

રઘુનાથ અવધવિહારી, લેજો અર્જ હમારી સ્વીકારી,
તમ સાથે લાગી તાળી, લેજો અર્જ. ટેક.
ફેલ્યો અધર્મ જગમાં ભારી, કરી પુણ્યશ્રુતિ ને ન્યારી,
પ્રકટયા પ્રભુ આનંદકારી, લેજો૦ ૧
ઘણા ભક્તોને સુખ આપ્યું, શરણાગતનું દુઃખ કાપ્યું.
વેદવાણી વિશ્વ વધારી. લેજો૦ ૨
પ્રભુ શરણે જે અનુરાગી, તેને જાણો સદા સદભાગી,
ગણી ભક્તિ શ્રી હરિની પ્યારી. લેજો૦ ૩
ધના; પીપા, અને રોહીદાસ; બળિ અર્જુન રાખ્યા પાસ.
રથ માંહી કરીને સ્વારી. લેજો૦ ૪
નરસિંહ મ્હેતાનાં કારજ કીધાં, મીરાબાઇ તણાં વિષ પીધાં,
તમે તારી છે ગુણિકા નારી, લેજો૦ ૫
ગુરૂ બાણ રૂપે બેડી તોડી, મ્લેચ્છ રાજાના મદને મોડી.
રામ દુહાઇથી કરી તૈયારી, લેજો૦ ૬

સદ ગુરૂ રાઘે સુખકારી, શરણે આવ્યોને લેજો તારી.
હરિચરણને ઉગારી, લેજો૦ ૭

પદ ૫૪ મું.

રાગ બન્જારા

રવિ ભાણ ગુરૂવર દાતા, કરો૦ સેવકને સુખ શાતા,
તમે સાચાં છો પિતુ માતા. કરો૦ ૧
સતલોક તે શેરખી ધામ, આદિ પુરૂષે કર્યો છે મુકામ,
તમે સચરાચરના જ્ઞાતા. કરો૦ ૨
ભાણ ગુરૂની ગાદી સાજે, પાસે રામજી મંદિર રાજે,
તમે ત્રિભુવનના પતિ ત્રાતા. કરો૦ ૩
આવ્યા અભ્યાગત અન્ન પામે, ઘણા શિષ્યો જ્ઞાને વિરામે,
દુખીયાના શાંતિદાતા. કરો૦ ૪
[illegible] અવતારી રાઘ રામ, તેણે સુધાર્યાં સઘળાં કામ,
દુખભંજન છો સુખદાતા. કરો૦ ૫
દર પુનેમે મેળા ભરાય, જાત્રાળુ દર્શને જાય,
જેથી ભવસાગર તરી જાતા કરો૦ ૬
રાઘવપ્રસાદને કર્યું સોંપી, તમે જગની માયા લોપી,
હરિચરણના આનંદદાતા. કરો૦ ૭

પદ ૫૫ મું.

રાગ ભોળા ભગવતના ચાબખા.

મુરખો આવ્યો હતો શું ધારી ઉલટી ભૂમી ને ભારે મારી,—ટેક
ગર્ભવાસમાં કોલ કર્યો તો ભુલી ગયો શા માટે ?
લુણહરામી લંપટ તું તો ચાલે છે અવળી વાટેરે, મુરખો० ૧
બાલપણું તેં ખેલમાં ખોયું તરૂણા ત્રિયા મન ભાવ્યો.
ચાર પાંચ પ્રજા તારી પાછળ થઇ ત્યારે ઘણા ધંધામાં ધાયો, મુરખો० ૨
પુન્ય ભજન તો પાળવે નહીને ખેલ કરે છે ખોટા.
સંત ગુરૂની સેવા ન કીધી પડસે જમના સોટા, મુરખો० ૩
વરણાગીમાં વાલ ધરીને વધારી મુછને દાડી.
હુકો લઇને ઘેર ઘેર આથડે કોઇ આપો ને દેવતા કહાડી. મુરખો० ૪
દુરજનથી બહુ દોસ્તી કીધી હરિજનથી દૂર નાઠો.
હરિ ચરણ કહે અવસર હાર્યો પછી બળે જેમ બોયાનો સાઠે, મુરખો० ૫

પદ ૫૬ મું

રાગ ચાબખો ઉપર પ્રમાણે

મન તું માની રહ્યો મારૂં, તેમાં નથી તલભાર તારૂં
માયાને ધનમાલ મૂકી કરીને એક દિન ઉઠી જાવું
અહિંનું હશે તે અહીંજ રહેશે માંટીમાં માંટી થાવું મન ૧
સગાં જાણીને તું સ્નેહ કરે છે વધતો વધતો દાડી
સાચા સગા તો એકજ સદગુરૂ તેની પિછાણ નહી જાણી--મન ૨

પૂર્વ જન્મને પાપે કરીને ભાન તારૂ ભરમાયું
ભાગ્યના ભોગ બધા ભોગવે ભુંડા જેમ વંટોળીયાનો વાયુ ૩
દેવ દર્શન કે દાન ધર્મ ન ગમે ચાળા ને ચીંથરાં ચુંથે
કામની વાત કંઇ કરતો નથી તું પારકી પંચાતો ગુંથે ૪
શિખામણ શાસ્ત્રની સાંભળી કંઇક હવે વૃત્તિને પાછી વાળો
હરિચરણ કહે ગુરૂ પ્રતાપે ભવની દુબ્ધા બાળો મન ૫

પદ ૫૭ મું

(રાગ ચાબખો)

મન તું પ્રભુ ભજનમાં રહેને; તેમાં તને પુછવું હોય તે કહેને
પ્રેમી જનને પ્રભુના દેશમાં સુખ સર્વદા થશે
અજ્ઞાનીને તો અઘરૂં લાગે વેળા વાતોમાં જાશે મન૦ ૧
નિત્યપ્રતિ પ્રભુ દર્શન કરીને સંત સમાગમ સેવા
શાસ્ત્રની વાણી શ્રવણ કરી લે બ્રહ્મનો આનંદ લેવા મન૦ ૨
મનનું માન્યું સુખ સંસારનું મિથ્યા માનને ભાઇ
મૃગજળ સાચું માનીને મૃગલું મરે છે રણમાં ધાઇ મન૦ ૩
સુખસાગરને દુઃખરૂપ દીઠો દુઃખ તું સુખ ગણી માણે
જ્ઞાનમણિ મોંઘો મૂકી મારગમાં વિષયનાં ચામડાં તાણે--મન૦ ૪
ભૂલ્યો તું ભ્રમમાં માને ન બ્રહ્મને; અવળો ચાલે ધોળે દહાડે
સંત શિખામણ નેવે મૂકીને ઉલટી આંખો કહાડે મન૦ ૫

નિર્ભય પદ છે નાથનુ જગમાં બીજું બધું ભયકારી
હરિચરણ કહે હરીને વીસારી હાથે ગયો બાજી હારી મન૦ ૬

પદ ૫૮ મું

રાગ ચાબખો.

મન તું ગોવિંદ ગોવિંદ ગાને રામ રસ પાને તું બ્રહ્મરૂપ થાને
પ્રહેલાદ ભક્તે પ્રભુગુણ ગાયા બેઠું નહી કાંઇ નાણું
સાહ્ય કરી શ્રીહરી સ્થંભમાંથી પ્રગટયા ઉઠાવ્યું રાક્ષસનું થાણું ૧
ભક્ત કબીરનું કારજ કરવા પોઠ ભરી લાવ્યા દામ
જગ મેળો બહુ જબરો કીધો રાખ્યું નિજ દાસનું નામ મન ૨
નરસીંહમેતાએ સમરણ કીધું સામળીઆનું સાર
માંડળિક જ્યારે મારવાને આવ્યો વ્હાલાએ કીધી વાર મન ૩
મીરાં પીપા ને અજામીલ તાર્યા ભક્તોના કીધા કામ
ધ્રુવ વીભીષણને અવીચળ થાપ્યા સુખકર સુંદીર સ્યામ મન ૪
બાણ સ્વામીની બેડીઓ તોડી આવી વડોદરે ગામ
અનંત પરચા એવા પ્રભુજીએ પુર્યા છે શોભી ધામ મન ૫
અનેક સંતોને આગળ ઓધાર્યા બીરદ તમારૂ છે સાચુ
હાંથ જોડી હરિચરણ કહે છે હું પ્રભુને ચરણે રાચું મન ૫

પદ ૫૯ મું.

ગરૂડ ચઢી આવજો ગીરધારી—ધોળ

જીજ્ઞાસુ કોઈ જન આ ગુરૂની પાસ; એતો ઓળખાવે અવિનાશ;
મનસા દેહ મોઘો મળ્યો છેરે ભાઇ સાધો સદગુરૂથી સમાઇ.
એથી આતમ દેવ ઓલખાય જીજ્ઞાસુ, ૧
બ્રહ્મનિષ્ટ શ્રોત્રીય સુંજાણુ એવા ગુરૂં જો લે નીરવાણુ.
તો તો મટશે ચોરાશીની ખાણુ જીજ્ઞાસુ, ૨
શુદ્ધ ભાવેથી સદ્ગુરૂ સેવો લાખેણો લેવો લાવો મુક્તીનો
નહી આવે એ અવસર એવો જીજ્ઞાસુ, ૩
દયા દીનતા દીલમાંરે ધારો કામ ક્રોધ ને લોભ નિવારો.
ત્યારે સફળ થાશે જનમારો જીજ્ઞાસુ, ૪
સુખ દુઃખમાંહી સમતા ધારી કોઇ સાથે કરો નહી રારી.
હરીચરણે ગુરૂ બલીહારી જીજ્ઞાસુ, ૫

પદ ૬૦ મું.

ઉપર પ્રમાણે.

પ્રેમી જન હોય જે કોઇ પુરા તેતો હરી સમરણમાં શુરા,
પ્રભુ ભક્તીથી ભય સર્વ જાય એમ વેદ પુરાણમાં ગાય.
મોંઘાં મુક્તીના પદને પમાય પ્રેમી, ૧
પ્રેમ ભક્તિ કરી વ્રજ ગોપીયે જેણે લોકની ભીતિને લોપી.
જેથી રહ્યા જગતમાં ઓપી પ્રેમી, ૨

પ્રેમભકતી કરમાં બાઇએ કીધી પ્રભુએ પ્રેમ પર પ્રસાદી લીધી.
એને અવિચલ પદવી દીધી પ્રેમી, ૩
પ્રેમભકતી નારદનેરે ભાવી જેણે વેદની વીણા બજાવી.
શુદ્ધ ભાવે સમાધી લગાવી પ્રેમી, ૪
મીરાં સબરીએ પણ રાખ્યું જેનું જુઠું પ્રભુજીએ ચાખ્યું.
તેની શાસ્ત્ર પુરે છેરે સાખું પ્રેમી ૫
સજનો સુપદને રોહીદાશ રાખ્યા પ્રભુજીને તેમણે પાસ.
એવી પાડવની પુરી આસ પ્રેમી, ૬
રવી એમ ભાણુ રાધે રામ, તેના સાર્યાં તે રાધળા કામા.
હરિચરણના સુંદર સ્થામ; પ્રેમી. ૭

પદ ૬૧ મું

તીથીઓ રાગ ગરબાનો

શ્રી સદગુરૂ દીન દયાળપર ઉપકારીરે
સેવકની કરજોસાર લેજો તારીરે
પડવે ઉતારો પાર પોતાનો જાણીરે
ભવ સાગરમાં નીરધાર પડયો પ્રાણીરે શ્રી સદગુરૂ ૧
બીજે ગ્રહજો બાંય બળવંતા બેલીરે
નોધારાના આધારે વીનંતી છેલીરે શ્રી સદગુરૂ ૨
ત્રીજે તે ત્રણ ગુણ માંય વિશ્વ ઘેરાયુંરે

જેમ વન વગડામાં ઢોર ફરે છે હરાયુંરે   શ્રી સદ્ગુરૂ ૩

ચોથેરે સાધન ચાર ઉરમાં આણોરે

કરી ગુરૂની સેવા સાર રૂપ નીજ જાણોરે   શ્રી સદ્ગુરૂ ૪

પાંચેમે પાંચ તત્વ તપાસી લેજોરે

ક્યાંથી આવ્યાને ક્યાં છે વાસ તે પણ કહેજોરે શ્રી સદ્ગુરૂ ૫

છઠ્ઠે છકી ન જાઓ માયાના મદમાંરે

સુખ જગતું સર્વ અનિત્ય કહ્યું પદ પદમાંરે   શ્રી સદ્ગુરૂ ૬

સાતે મે સુરતા શીખ સામળીઆ સાથેરે

દયા ધર્મ દીનતા સાથ દાન કર હાથેરે   શ્રી સદ્ગુરૂ ૭

આઠેમે અખંડાનંદ અંતરજામીરે

ઘટ ઘટ ગાજે ગોવિંદ સદ્ગુરૂ સ્વામીરે   શ્રી સદ્ગુરૂ ૮

નોમે નમેરા નાથ કદી નવ થઇએરે

સેવકની કરવા સાર નીજ દીન જઇએ   શ્રી સદ્ગુરૂ ૯

દસમે દયાળુ દેવ દયા દરશાવોરે

[illegible] ભગવાન સંત મન ભાવોરે   શ્રી સદ્ગુરૂ ૧૦

[illegible] કરો શા માટેરે

મન વૃત્તિ નિગ્રહ યોગ કરો તે માટેરે   શ્રી સદ્ગુરૂ ૧૧

દ્વાદશીને દિન આધીન રાખોરે
નિત્ય પ્રભુ મંદીરમાં જાઓ કથા રસ ચાખોરે શ્રી સદ્‌ગુરૂ૦ ૧૨
તેરસના તન મન ધન પ્રભુથી જાણોરે
રહો દાસપણામાં લીન પ્રભુ રસ જાણો શ્રી સદ્‌ગુરૂ૦ ૧૩
ચૈઉદશે ચિત્તમાં ચેત અવસર કયાં આવોરે
આ ભરતખંડમાં ભક્તિનો ભાવોરે શ્રી સદ્‌ગુરૂ૦ ૧૪
પુનેમે પુર્ણાનંદ પ્રભુને જાણોરે
હરીચરણુ હરી ગુણ ગાઇ કરીને માનોરે શ્રી સદ્‌ગુરૂ૦ ૧૫
આ તિથિ તીરથનો પાઠ જે કોઇ કરશેરે
હરીચરણુ હરી પ્રતાપ ભવજમ તરશેરે શ્રી સદ્‌ગુરૂ૦ ૧૬

પદ ૬૨ મું.

(બાર માસ—સીતાજીના મહિનાનો રાગ.)

સાખી.

આતમારામ ઓળખ્યા નહી અવતરીઓ શુભ દેશ.
દુરમતી ડાહ્યા થઇ ફરે કાઢી બેઠા વેસ. ૧

સખી કારતક માસે કંથ મળ્યા નહી સુજને,
એથી અકળામણુ બહું થાય કહું શું તુજનેરે.—૧
સખી [illegible] દીસે સંસાર સુનારે મંદિર માળીયાં [illegible]
એ દુઃખ તો કેમરે કહેવાય ન જાય [illegible]—૨
સખી માગસરે મહા દુઃખમાંહિ દુખ્યો તુંનો પ્રાણીઆ

સીખ આપે છે સારી સંત તેને નવ જાણીઆ
જેને હોયરે પૂર્વની પ્રીત સંતતો તેને મળે
સદભાવથી કરતારે સેવ પાપો તેનાં પરજળે.

સાખી

સતસંગથીરે સુખ ઉપજે આવરણુ આળગાં થાય
હરિચરણુ ગુરૂ સેવતા દીલની દુગ્ધા જાય

સખી પોશ માસેરે પરિબ્રહ્મ ગયારે કેમ વિસરી
પાછળ રહી ગયો પોતાનો દેશ આગે ગયા નિસરી 3

સખી માહ મહિનેરે મનમાંહિ વિચારે તું જીવડા
તું ક્યાંથી આવ્યો ને ક્યાં જાઇશ કરો એના નિવેડા

સાખી

તમપદ જીવ સ્વરૂપો તદપદ ઇશ્વર વાચ્ય
અસિપદ તે આપ છે ધરો રૂદામાં સાચ. ૪

સખી ફાગણુ માસે ફુલ ફુલેરે ફુલવાડીઓ
તેમા માયા માહી ગરકાવ વાલીરે તુને લાડીઓ
સખી સુત દારામાં સ્નેહ તેથીરે નવ જાણીઓ
પીયુ રહ્યારે પોતાની પાસ તોયે નહિ માણીયો

સાખી

તપ તીરથ કરતો નથી આપે નહિ અતિથિને માન
હરિચરણુ હરિ ભજતો નથી ફોકટ કરે અભિમાન. ૫

સખી ચૈતર ચિતમાં ચેત અવસર તારો જાય છે
જેમ ફુટયારે ઘટમાંહે નીર ભરે ને ખાલી થાય છે

સાખી

આવરદા એળે ગઈ; કર્યું નહિ સુકૃત કામ
પરમારથ પ્રાછો નહિ ઓળખ્યા નહિ આત્મારામ
દેહ દ્રસ્ય અનિત્ય છે ઉપન્યું મિથ્યા જેહ
એ સરવે જાતુ રહે તેમા નહિ સંદેહ. ૬

સખિ વૈશાકે વનમાંહિ આ માર્ગ ભૂલ્યાં તમે
પ્રભુ છેરે પોતાની પાસ જાણ્યા વિના દેહ દમે
એની સત્તા સ્ફુર્તિ જેહ દીસેછેરે આપમાં
ઇંદ્ર ચંદ્રને વાયુ વરસાદ રાખ્યા સરવે માપમાં

સાખી

વસ્તુ છે સર્વ વિશ્વમાં જેમ મૃતિકા ઠામ
ભૂષણમાં સુવર્ણ સદા એમ છે આતમરામ ॥૭॥
સખિ જેઠ માસે જુગદીશ જાણ્યા વિના નહિ મળે
એવા જનમ મરણનારે દુખ જાણ્યારે વિના નહિ ટળે
જ્યારે થયે જનમને મરણ ત્યાંતારે દુઃખ ભોગવે
નાના ભોગ ધરી શરીર કરમને જોગવે

સાખી.

ગરભવાસના દુખનો કહેતાં ન આવે પાર
સરસ્વતી લઘુની વેદના થાયે એકજવાર

॥ ૮ ॥

સખિ અશાડે અખંડધાર અમૃતનીરે વરશશે
ત્યાંતો નુરીજન કેરૂરે નૂર યોગીરે કોઇક પરસશે
તેના જનમ મરણ દુખ જાય અખંડ સુખીયા સદા
સ્વ-૭ચ્છાએ આવે સંસાર સુખી રહે સર્વદા

સાખી.

શુચી અને શ્રીમંત ગૃહ થાયે એનો અવતાર
સાચાં મનથી સેવતા ઊતારે ભવપાર

॥ ૯ ॥

સખી શ્રાવણે શિવજીની સેવા કરોને શુધ્ધ ભાવથી
અખંડવૃતિ થાયેરે એકતાર લીલારે ગાઓ ભાવથી
સખી બાહ્ય વૃતિને બંધ કરોતો સુખીયા થશો
કરો બ્રહ્માકાર અખંડ ત્યારેરે પહોંચશો

સાખી.

સમસ્યા સંતની ઓળખો પહોંચે:પરિબ્રહ્મદ્વાર
સમજો તો સેજે બને એવો બ્રહ્મ વિચાર

॥ ૧૦ ॥

સખિ ભાદરવે ભરપૂર તે સઘળે સુજાર ભર્યો
જેણે સેવ્યા હરિ, ગુરૂ, સંત તેતો ઠારીને ઠર્યો
અન્ય કાર્યથી નહિરે ઉધ્ધાર થાયે કોઈ જનનો
શમદમ આદિ સાધન સાર નિગ્રહ કરવા મનનો

સાખી

સ્થાવર જંગમ જગતમાં ત્રિગુણુ માયાનાં ધાટ
સરવાળે સરવે એક છે `મિથ્યા સરવે ઠાઠ. ॥ ૧૧ ॥
સખી આશો અખંડ ધુની નાદ થય સોહામણા,
ત્યા સોહં સચ્ચિદાનંદ જેવ માંરે નહિ મણા.
તત્વમસિ એવું જે વાકય વેદમાંહી ગાય છે.

સાખી

શ્રી રવિભાણુ કે વંશમે અવતરયા મેં આય
હરિચરન શિરપર સદા રાખે સદગુરૂ સહાય
સવંત શત ઓગનીસકી બાશઠ રૂડી શાલ
ચૈત્ર શુકલ એકમ તિથી પુરો આદિતવાર. ॥ ૧૨ ॥
પીગલ પાઠ જાણું નહિ લઘુ દીર્ઘ કંઇ સાફ
કરજોડી હરિચરણુ કહે ગુણીજન કરજો માફ.

પદ ૬૩ મું.

(રામ ભજન બીન નહી નિસતારા એ રાગ.)

હીરા ભગતનાં પદ.

એહિ દેવલમા દેવ બીરાજે, સમજી કર ઉસકી સેવા.
સુક્ષમ દ્રષ્ટિયે દરશન કર લે; ગુરૂ શબ્દ ગોતી લેવા, ટેક ૧
એહી દેવલકું દસ દરવાજા, બિચમે પવનકા થંભ ખડા.
વામે આવે વામે જાવે, દેખ તમાસા એહિ બડા, ૨
એહિ દેવલમે દસ હે દેવતા, પચી સહે પટરાણી.
મન બુદ્ધિ ચિત હંકાર હજુર, એસા દેવ દેખો જ્ઞાની, ૩

દુજા દેવન કાયકુ પુજતા, બોલતા પુરૂષકી કર સેવા.
કહે હિરો સેવો સદગુરૂ સબ દેવ ન કે એ દેવા.

પદ ૬૪ પદ ૧॥

ઉપરના રાગનું છે.

સતગુરૂ શબ્દે સમજી લેજો, નથી જગમાં કોઇ રેવાનું.
ચૌદ લોક અરૂ ચાર ખાંણુમાં, જે આવ્યું તે જાવાનું,
પાંચ ચોર તારી પુઠે પડીયા, પરમાદ કર્યે પસ્તાવાનું.
રેન અંધારી શું સુઇ રહયો છું, ઉંઘે આતમ ધન જાવાનું
સત ગુરૂ શબ્દે૦
ગ્નાન ખડગ ગુરૂકીમત લોને, શતરૂ સકલ અપના છેદો,
પાંચ પકડ આપે તપાસો, મસ્તાના મનકુ વેધો. સત; ગુરૂ.
શ્રીમંત સુખીયો છે તુ પોતે, રંક થૈ કેમ માયામાં મોહયો,
કહે હિરો તુ ચેતી રેહેજે ઉમ્રમાં આ રૂર ખોયો.

પદ ૬૫ મું

(કીરતઃ ગરબી રાગનું.)

ચેતન થૈ ચાલજોરે, આ છે ઉગરવાનો આરો;
દેવદાનવ માગે છે નિસદિન, મૃત્યુલોક અવતારો.—ચેતન ટેક
આ સંસારમાં આવ્યા પ્રાણી, પ્રભુ ભજે નહી પંચ્યારો;
દયા ધરમથી ભકતી ન કરી, વહી ગયો જનમારો. ચેતન

લખચોરાસી ફેરા ફરીયાં, કરમન કે અનુસારે;
મોહ મત્વામાં ભુલો પ્રાણી, કાલ ફરે સીરતારે. ચેતન ૩
મીથ્યા સુખમાંહી શું રહયો તું માયા મદમાં ફુલો;
કહે હિરો તું અચેતં થૈને આતમદેવ ન ભુલો;
ચેતન થૈ ચાલજોરે, આ છે ઉગરવાનો આરો. ૪

પદ ૬૬ મું.

રાગ કીરતન તથા ગરબી.

આતમા ઓળખોરે નહીતો થાશો આતમઘાતી;
કયા દેશથી આવ્યો પ્રાણી, કુણ છે તારી જાતી. આતમ. ૧
એક તત્વથી કર્યો પસારો, થેઇ ગઇ વિધ વિધ ભાતી;
વાસ્તવિક જોતાં થયું નથી, પણ અનેક થઇ છે નાતી; ૨
ત્રીગુણ માયા તો તમે ભુલ્યા, સર્વને નાખ્યા ચુંથી;
આપનુ આપ તપાસો પ્રાણી, જાવું છે આવ્યા જયાંથી. ૩
જગકર્તાને ઝાંખી ન જોયા, મિથ્યામાં તું મોહયો;
કહે હિરો તું ચેતન થૈને એલે અવસર ખોયાં. ૪

પદ ૬૭ મું.

(જે કોઇ પ્રેમ અંશ અવતરે. એ રાગ.)

નવ ગમે, નવ ગમે, નુગરાને નવ ગમે
એ તો જુઠે માર્ગે ભમે; નુગરાને નવ ગમે૰
કોટિ વદ જો મળે શ્વાનને, પુછ વાંક નવ શમે. નુગરા૰ ૧

કૌવાને શું કપુર ચટાવો, કીટ ઉપર મન ભમે; નુગરા૦ ૨
મૌક્તિક મુકી ચણુામાં મોહ્યો, રંગે રમતો રમે,
મદારીની દોરીપર નાચે, ખેંચતાણુ બહુ ખમે; નુગરાને ૩
ખરની પીઠે ચંદન ભરીયું, ભોજાથી તન દમે,
બોજો ફેંકી દુર પલકમાં, રાખોડીમાં રમે. નુગરાને. ૪
સદ્‌ગુરૂ સંગે સુભટ થાવું, સંકટ સ્હેજે શમે,
દાસ હીરો કહે, દુર્ગંધા ત્યાગી, મુક્તિ ભોજન જમે. નુગરાને ૫

પદ ૬૮ મું.

નવ ઠરે નવ ઠરે; પાત્રવિણુ પ્રેમરસ તે નવ ઠરે;
ઉપાય કોટિ કરતાં ઉંધું વાસણુ જળ નવ ભરે. પ્રેમરસ. ૧
પાત્ર ભેદથી થાય ભ્રષ્ટ પણુ સ્વાંતિ સરખું ઝરે;
છીપે મોતી જામે જળમાં, અહિમુખ વિષ નિસરે. પ્રેમ. ૨
પાત્ર થાય સદ્‌ગુરૂને સંગે, ભવસાગરને તરે,
હંસ હોય તે કંકર ત્યાગી મોતીના કણુ ચરે. પ્રેમ. ૩
સોહં શબ્દે સદ્‌ગુરૂ સેવી, ભક્તિ બાથું ભરે,
હીરો હેતે હરિરસ પામે, સ્વરૂપ કારજ સરે. પ્રેમ. ૪

પદ ૬૯ મું.

(ભજન—અરજ કરે છે મીરાં રાંકડી—એ રાગ.)

સદ્‌ગુરૂ સરજનહારરે ઓ શામળીયાજી;
પ્રભુજી ઉતારો ભવપારરે ઓ, શામળીયાજી. ૧

જન્મોજન્મની હું દાસી તમારીરે.
નથી બીજાંનો આધારરે ઓ શામળીયાજી. ૨
અવગુણ નાં જોશો મ્હારા અંતરજામીરે,
બીરદ સંભારી કરશો વારરે ઓ શામળીયાજી. ૩
સતસંગ સીડીયે ચડાવ્યા છે અમનેરે,
ભૂલીશું નહિં ઉપકારરે હો શામળીયાજી. ૪
શેરખી માંહિં સદ્ગુરૂ મળીયારે,
કીધો હમારો ઉદ્ધારરે ઓ શામળીયાજી. ૫
હરિચરણ સ્વામી હેતુ હમારારે,
માળીને મળિયા મુરારરે ઓ શામળીયાજી. ૬

પદ ૭૦ મું.

(રાગ ઉપર પ્રમાણે.)

વિનતી કરે છે વખતબાઇરે ઓ ગુરૂજી મારા;
સદ્ગુરૂજી કરજો મ્હારી સાહ્યરે ઓ ગુરૂજી મારા. ૧
સંત સમાગમે સ્વરૂપ ઓળખાવિયું.
તમે છો દીન દયાળરે ઓ ગુરૂજી મારા. ૨
બોધને બદલે તે ભેટ શું કરીએરે,
એવું નથી બીજું કાંઇરે ઓ ગુરૂજી મારા. ૩
કથાકીર્તન અને માળા મોહનનીરે,
પહેરાવી કંઠે કર સાહીરે. ઓ ગુરુજી મારા ૪

જન્મ મરણકેરો ભવ-ભય ભાંગીયોરે,
દયા કરીને ઝાલી બાંહ્યરે. ઓ ગુરૂજી મારા ૫
હરિચરણ ગુરૂ હેતુ હમારારે, વખતની કરજો વારરે;
શરણું સેવ્યાથી સુખ થાયરે. ઓ ગુરૂજી મારા ૬

પદ ૭૧ મું.

ગુરૂપૂજનની આરતી.

પ્હેલી પૂજા પરિબ્રહ્મની કીજે,
મનગમતું સુખ માગી લીજે. ૧
બીજી પૂજા ગ્રંથગુરૂજીની કરીયે,
સંસારસાગર સ્હેજમાં તરીયે. ૨
ત્રીજી પૂજા સત સાધુની કીજે,
પૂજન કરી રૂડાં ભોજન દીજે. ૩
ચોથી પૂજા ભાવે ભક્તોની કરીયે,
કથાકીર્ત્તન સુણી સંશય હરીયે. ૪
પાંચમી પૂજા પ્રભુ વ્યાપક જાણી,
સ્તુતિ કરજો શુધ્ધ પ્રેમને આણી. ૫
હરિદાસની આ તો વિનતી થોડી,
સનમુખ રહી કરી ઉભય કરજોડી. ૬

પદ ૭૨ મું.

(પરભાત રાગનાં પદ)

ગણુપતિને ગાવોરે શારદ સરસ્વતિને ધ્યાવો,
સ્મરણુ કરતાં સંકટ ટાલે, જમનો નહિ દાવો. પતિને ગાવોરે.
રિદ્ધ સિદ્ધને દેનાર દયાલુ, જે ભાંવ કરી ભજશે,
અંતર આવરણુ અલગા કરતાં, દુરગુણુંને તજશે. ગણુપતિ. ૧
પ્રૌઢ વપુ ચતુર્ભુજ સ્વામી, શુભ ગુણુને આપો,
દુદાળાનું સ્મરણુ કરતાં, ભવ ભય ને કાપો. ગણુપતિ. ૨
સર્વે દેવોનું દૈવત છોને, ત્રિગુણુના ધરતા,
જાણ્યા વિના જપ તપ કરીને, આશ અંતર કરતા. ગણુપતિ. ૩
શ્રી ગુરૂ ગણુપતિ સહાય કરીને, મદગુણુને આપો,
હરિચરણુના :કષ્ટ નિવારી, દાસ કરી થાપો. ગણુપતિ. ૪

પદ ૭૩ મું

(રાગ પ્રભાત પદ)

સચ્ચિદાનંદ સ્વામીરે, પ્રભુ પુરણુ બહુ નામી
ઘટઘટ પ્રત્યે ગાજી રહ્યા છો, અંતરના જામી. સચ્ચિદાનંદ. ટેક.
પિંડ બ્રહ્માંડ જેની વહે છે, સત્યા સર્વ એની
એના વિના સુનકાર પડે, જેમ અંધારી રેની. સચ્ચિદાનંદ. ૧

ત્રણુ અવસ્થા બુધ્ધિની કહીયે, સાક્ષીવત્ સોઇ
ચોથીનું નામ તુર્યા પડ્યું તે, જાણે જન કોઇ. સચ્ચિદાનંદ. ૨
ત્રણે અવસ્થા નિત્ય પ્રભુજી, સચરાચર વ્યાપી
આપ સ્વરૂપ બતાવો દેવા, ભવસંકટ કાપી. સચ્ચિદાનંદ. ૩
ઓહં સોહં શબ્દ જપંતાં, ભૂલવણી ભાગે
હરિચરણુ કહે એને માટે, જોગીજન જાગે. સચ્ચિદાનંદ. ૪

પદ ૭૪ મું

(રાગ પ્રભાત)

ભરમે ભૂલ્યા પ્રાણી તે તો, કેમ કરીને જાણે,
જાણ્યા વિના મહાપદનું સુખ તે, કેમ કરીને માણે. ભરમે. ૧
જ્ઞાતિ કુટુંબને વર્ણાશ્રનું, અભિમાન રાખે,
સંત શિખામણુ માને નહિને, દુર્મતિને દાખે. ભરમે, ૧
ભટકેલ મન ભૂતની પેરે રહે સદા ભમતું,
કથા કીર્તન હરિનું પૂજન, તેહ નથી ગમતું. ભરમે ૨
પરમારથનો અર્થ ન જાણે, ઉલટો ઉદ્યમ કરે,
ત્રિવિધિના તાપજમાંહી, નિશદિન તે તો બળે. ભરમે ૩
લંપટને કાંઇ લાજ ન આવી, મિથ્યા સુખ મોહ્યો,
હરિ ચરણુ કહે અવસર આવ્યે, એણે શીદ ખોયો, ભરમે ૪

(પદ ૭૫ મું. રાગ પ્રભાત)

ભક્તિ કરો ભાઇરે હરિની ભક્તિ કરો ભાઈ;
ભક્તિ કર્યા વિના મુક્તિ નહિરે, વેદ પુરાણે ગાઇ. ભક્તિ ટેક.
ઉંચ નીચનું આવરણ નાહિ, સર્વે અધિકારી;
પંડિત જેવાને પડતા મૂકી, ગજ ગુણકા તારી. ભક્તિ ૧
મીરાંબાઇનું ઝેરજ પીધું, શબરીની સહાય કરી,
જૂઠાં બોર આરોગી પ્રભુ, પલમાં ઉધ્ધારિ હરિ. ભક્તિ ૨
નરસિંહ મેહેતાની હુંડી સ્વીકારી, પંચાળી પૂર્યા ચીર,
નામદેવનું છાપરૂં છાયું, રાખી મનમાં ધીર. ભક્તિ. ૩
સાચોરે સ્નેહ શામળીયાની સાથે, જે પ્રાણી કરશે;
હરિચરણ કહે ગુરૂ પ્રતાપે, ભવસાગર તરશે. ભક્તિ. ૪

પદ ૭૬ મું.

(રાગ ઉપર પ્રમાણે.)

પ્રેમીજન પૂરારે—જે કોઇ પ્રેમી જન પૂરા.
પ્રભુપદમાં કંઇ દોષ ન દેખે, સેવામાં શૂરા. પ્રેમીજન. ૧
પ્રલ્હાદે પ્રભુને વ્યાપક જાણી, સ્તંભને બાથ ભરી,
નૃસિંહ રૂપ ધર્યું નરહરિયે, ભક્તની સહાય્ય કરી. પ્રેમીજન. ૨

નૃસિંહ મ્હેતાની હુંડી સ્વીકારી, કુબ્જાને તારી,
વ્રજવાસીની રક્ષા કીધી, ગોવર્ધન ધારી. પ્રેમીજન. ૩
સગાળશાની સહાય્ય કરી, હરિ ત્રિલોચન તાર્યા,
ધર્મનીતિનાં સ્થાપન માટે, દૈત્ય ઘણા માર્યા. પ્રેમીજન. ૪
મોરધ્વજ, ધ્રુવ, હરિશ્ચંદ્ર સરીખા, સતવાદી સાચા,
બળિને જઈ પાતાળે રાખ્યો, અવિચળ દઇ વાચા. પ્રેમીજન. ૬
જાત નિવારી અજાત થયા તેની ભ્રાંતિ સૌ ભાંગી.
હરિચરણ કહે મોહનિદ્રાથી, જગ જોયું જાગી પ્રેમીજન. ૭

પદ ૭૭ મું,

સત્યન રાયણની ગરબી.

(રાગ—ગરબાનો)

જય જયતિ જગદાધાર દયાના સિંધુરે;
પ્રભુ સત્યનારાયણ દેવ હરિ દીનબંધુરે જય૦ ૧
અદ્દભુત દાની દયાળ છો હિતકારી રે;
જે શરણે આવ્યા જીવ, લીધા તારી રે; જય૦ ૨
કલો કથા કીર્તન જે જન કરશે,
તે સ્હેજે પામી પાર, ભવજલ તરશે રે; જય૦ ૩

આ જગમાં ભકત અનેક જે જે તરિયારે,
એ આપ કૃપા પરતાપ પાર ઉતરિયારે; જય. ૪
અધમ ઓધારણ નાથ, અંતર્યામીરે;
એવા ભકત વત્સલ ભગવાન, છો બહુ નામીરે, જય૦ ૫
અશરણશરણા મહારાજ, મુકુન્દ મોરારીરે;
હરિચરણ હજુરી દાસ; લેજો તારી રે. જય૦ ૬

પદ ૭૮ મુ.

(ગરબી—ઉપર પ્રમાણે.)

શ્રી સત્યનારાયણ દેવ, સનાતન સ્વામીરે;
છો સહસ્ત્રકળાસંપન્ન, અંતર જામીરે. ૧
ગુણ ગાવા કીર્ત્તન કથા, ભાવથી કરશેરે;
પ્રભુ નામ થકી નિર્ધાર, ભવજલ તરશેરે. સત્ય. ૨
દામોદર દીન દયાળ, દર્શન દેજોરે;
છો ભકતાધીન ભગવાન, હૃદયમાં રહેજોરે. સત્ય. ૩
આ બાળકના અપરાધ ઉર નવ ધરશોરે;
પ્રભુ જાણીને નિજ દાસ, સંકટ હરશોરે. સત્ય. ૪
મન મુરખ મુજ મસ્તાન, હરાયું ભમતુંરે;
ફર્યું લક્ષ ચોરાશીવાર, નથી તોય શમતુંરે. સ.ય. ૫

કટુ ઔષધ આપને માત, યત્નથી પાતીરે,
શી બુધ્ધિ બહુ અજ્ઞાન, છટકી જાતીરે. સત્ય. ૬
મુજ અવગુણનો નહીં પાર, અંતરયામીરે;
હરિશરણ હજુરીદાસ, વિનવે સ્વામીરે. સત્ય. ૭

પદ ૭૯ મું.

(રાગ લાવણી અથવા કીર્તન.)

હરિભજનમાં હારી બેઠો, લાજ નહિં લંપટ તુજને;
પંચ વિષયમાં પ્રેમ ધરીને, શરમ થાય કહેતાં મુજને. હરિ૦ ૧
કુટુંબ કબીલો કુડી બાજી, તેમાં જીવ રહયો ભુલી,
માયા મમતામાં ઘેરાયો, શીદ મરે ફોકટ ફુલી ? હરિ૦ ૨
જુઠ કપટમાં જન્મ ગુમાવ્યો, મિથ્યા મનસુબા કરતાં;
સત્સંગતિમાં સ્નેહન સેવ્યો, ધ્યાન હ્રદયમાં નવ ધરતા. હરિ૦ ૩
ખોટામાં આવરદા ખોયું, પામરતામાં રચી પચી,
ખરી વાતમાં ખંત ન ધારી, જશે કાળથી કેમ બચી ? હરિ૦ ૪
શ્રદ્ધાથી સદ્ગુરૂની સેવા, કર અંતર ઉત્સાહ ધરી,
હરિચરણ આ ઉત્તમ અવસર, નહિં આવે કંઈ ફરીફરી હરિ૦ ૫

પદ ૮૦ મું

(રાગ ઉપરનો.)

હરિભજન હરદામાં રાખો, જીવન સાર્થક કરવાને;
રામ નામ નૌકામાં ચ્હડજો; ભવસાગરને ઉતરવાને. ૧
ક્ષમા દયા આધીનતા અંગે, ધીરજની કર ઢાલ ધરો,
કામ ક્રોધ, મદ, મત્સર રિપુઓ, જીતીને જયકાર કરો ૨
શીલ સંતોષનાં શસ્ત્ર સજીને, ક્ષમા ખડગ ચમકાર કરો,
શુરવીર સંતો સન્મુખ લડજો; મન મવાશીને મ્હાત કરો. ૩
પ્રભાતમાં ઉઠીને પ્હેલાં, નિત્ય નિયમના પાઠ કરો;
હરિગુરૂ સંતનું દર્શન કરીને, કાયિક વાચિક પાપ હરો. ૪ હરિ૦
નીતિ ધર્મ નિયમ પાળીને નિર્દોષી રહેવું નિત્યે;
હરિ ચરણુ કહે હરિને સેવો, ગોવિંદ ગુણુ ગાવા પ્રીતે. ૫ હરિ૦

પદ ૮૧ મું

(રાગ ઉપરનો.)

નારાયણનું નામ ન લેતાં, લંપટ લવરી લાખ કરે;
પરમારથનું પદ નવ પ્રીછે, ભવસાગરમાં ભટકી મરે. ૧
માનવ જન્મ આ મળ્યો મોંઘો, હાથે બાજી શીદ હારો?

વિષયજળમાં વળગી રહીને, શિર પડશે જમનો મારો. નારાયણ. ૨
જનકિંકર બહુ ક્રૂર જબર છે, માર કેમ એ સહેવાશે?
દુર્ગંધીના નર્ક કુંડમાં, શી રીતે ત્યાં રહેવાશે? નારાયણ. ૩
એવાં દુઃખ બહુ કાળ ભોગવ્યાં, ફરી ફરી પાછો અવતરશો,
વિષયવાસના નહિં તૂટે તો, પાછા તેમાં જઇ પડશો. નારાયણ ૪
પ્રભુ ભજનમાં પ્રીતિ ધરજો, આ અવસર આવ્યો સારો;
હરિભજન કહે ગુરૂ પ્રતાપે, એકોતેર પેઢી તારો. નારાયણ. ૫

પદ ૮૨.મું.

(રાગ ઉપરનો)

સંદેશો સદગુરૂને દેજો, વેગે વ્હેલા આવોરે
સારથી સૌ સાદર કીધી, મુજ મન મંદિર ભાવોરે. ૧
ઘણા દિવસથી ગમતું નથી કંઇ, ભોજનીયાં નવ ભાવેરે,
ઉદાસીને અકળામણ આવે, નયણે નિંદ ન આવેરે. સંદેસો ૨
કળીજુગ આવ્યો કુટીલ કારમો, ઘેર ઘેર અધરમ થાયેરે;
વર્ણાશ્રમનો ધર્મ ન પાળે, ન્યાય નામ ન જણાયેરે સંદેશો. ૩
કન્યા વિક્રય કરવા લાગી, ઉંચ નીચ સહુ જાતિરે,
પિતા પુત્ર, કે ગુરૂ શિષ્ય, મનમાં રહી છે કાતીરે. સંદેશો ૪
સદગુરૂ સાહેબ સાથ કરીને, દાસ પોતાનો જાણીરે,
હરિચરણ કહે વ્હેલા વળજો, દયા અંતરે આણીરે. સંદેશો ૫

પદ ૮૩ મું.

(સરસ્વતી સ્વામીને વિનવું એ રાગ.)

સદ્દગુરૂ સ્વામીને વિનવું, ગણપતિ લાગું પાયરે,
આ પ્રબળ ભવજલ તારવા, મહારાજ કરજો સાહ્યરે; હોજી. ૧
અનેક યોનિ અવતર્યો, તેનો કહેતાં નાવે પારરે;
ગુરૂચરણનું શરણ સાધી, ઉતરો ભવપાર રેજી. સદ્દગુરૂ. ૨
તાત, માતા, ભ્રાત ભગિની, સ્વારથી સંસારરે;
મિથ્યાતણી મમતા ધરી તેં, શેં થશે નિસ્તારરેજી. સદ્દગુરૂ. ૩
હરિગુરૂ સંતમાં સ્નેહ આણી, કથા શુણો નરનારરે;
સાર હોય તે સંગ્રહીને ધરો હૃદય મોઝાર રેજી. સદ્દગુરૂ. ૪
ફરી ફરી અવસર ન આવે, ઉર કરો વિચારરે;
હરિચરણ કહે હેતુ જનનાં, વચન અંતર ધારરેજી. સદ્દગુરૂ, ૫

પદ ૮૪ મું

(રાગ ઉપરનો.)

પ્રેમી હોય તે પ્રભુને જાણે, જગત્ વ્યાપક જેહરે;
કીટ કુંજર ચર અચરમાં સત્તા એની એહ રેજી. પ્રેમી૦ ૧
શિષ્ય પૂછે શ્રી ગુરૂને, બતાવોને ભેદરે;
એક આત્મા દેવ સઘળે, શો રહ્યો ત્યાં ખેદરેજી. પ્રેમી૦ ૨

સ્વામી સેવક એક સમજે. તો વંઠે વરણાશ્રમરે;
ગાય, ગર્દભ એક જાણે તો ભ્રષ્ટ થાય નિજ ધર્મરેજી. પ્રેમી૦ ૩
કોઇ કહે આકારને કોઇ નિરાકાર પ્રમાણજી;
ભ્રાંતિ મનની ભાંગજો ગુરૂદેવ ગુણની ખાણજી. પ્રેમી૦ ૪
કોઇ કહે પ્રભુ ડાકોર રહે છે દ્વારિકાં કહે કોઇરે;
કોઇ અયોધ્યાવાસી કહે છે, કોઈ સર્વની માંહીરે. પ્રેમી૦ ૫
પંથ જૂદા, ધર્મ જૂદા, જૂજવા બહુ પક્ષરે;
હરિચરણ વિનવે ગુરૂ એમાં કોનો થાશે મોક્ષરે? પ્રેમી૦ ૬

પદ ૮૫ મું.

(રાગ ઉપરનો) છે.

સદ્ગુરૂ કહે સેવક શુણો, કહું જથારથ જેમરે;
આત્માદેવ તો એક સઘળે, આકાશ અવનિ તેમરેજી. ૧
ઘટ પટાદિ શબ્દ જુજવા, મહાકાશે એકરે;
પાત્ર ભેદ પ્રમાણ લઇને કર્યાં નામ અનેકરેજી. સદ્ગુરૂ૦ ૨
સામાન્ય વિશેષ ને અતિ વિશેષ છે, ત્રિવિધ રૂપે જાણરે;
સ્વામી સેવક એક સમજે તો થાય મ્હોટી હાણ રેજી. સદ્૦ ૩
નિરાકાર સામાન્ય છે, સાકાર તે આકારરે;
નિર્ગુણ નિર્વિકાર ને માયા સહિત આકારરેજી. સદ્ગુરૂ૦ ૪
જે સ્થળે પ્રભુ અવતર્યા ને રહ્યા વિશેષે જાણરે;
તીર્થ સ્થલ તેને કહ્યાં, દર્શને જાવું ત્યાંયરેજી. સદ્ગુરૂ૦ ૫

સવિતાઓ સમુદ્રમાંહિ સંગમ કરતી અનેકરે;
નદી નદીનાં નામ ન્યારાં, શમતી સાગર એકરેજી. સદ્દગુરૂ૦ ૬
તીરંદાજ અનેક શૂરા, નિશાન તેમનું એકરે;
હરિચરણ વિનવે ગુરૂજી, નિભાવો મુજ ટેકરેજી. સદ્દગુરૂ૦ ૭

પદ ૮૬ મું.

(રાગ—દીવામાં દીવેલ ખૂટયું એ ઘોળ.)

સંસારમાં દુઃખ દેખી, વૃત્તિ વિરામી;
જેમાં જેમાં જાગી જોયું, લાગી તેમાં ખામી. માટે વૃત્તિ વિરામી;
સંસાર૦ ૧

ત્રિયામાં જો સુખ હોય તો કરને તપાસ;
ભાર્યાના ભોગે બહુ જન પામ્યા ત્રાસ. માટે વૃત્તિ૦ ૨
પુત્રમાં જો સુખ ભાસે, કર તેની પેર;
પુત્રને પિતામાં કંઇક દીઠાં ઝાઝાં ઝેર. માટે વૃત્તિ૦ ૩
દ્રવ્યમાં જો સુખ હોય તો શાસ્ત્રને વિચાર;
ત્રણે અવસ્થામાં નથી કંઇએ સાર. માટે વૃત્તિ૦ ૪
હરિચરણ હરિ વિના નથી જગમાં સુખ;
ગુરૂની કૃપા વિના સમજે દુઃખ. માટે વૃત્તિ૦ ૫

પદ ૯૭ મું.

કાગલ સતગુરૂ લખે તેના વિરલા. એ રાગ.

સતગુરૂ અર્જ સાંભલો, આવ્યો કલજુગ ઘોર કરાલ. સતગુરૂ. ટેક.
અરજ ઉરમાં આંણુજો, પ્રભુનોધારાના આધારરે
સંસારસાગર તારવાને, વ્હેલી કરજો હમારી વાર. સતગુરૂ. ૧
ગુરૂ ધર્મ માને નહી, મન માને ત્યાં જન જાયરે;
શંખણી સ્વામીને સેવે નહીંરે, જઇ બીજામહીં લોભાય. સદગુરૂ. ૨
ધર્મ કર્મ સહુ ભુલીયા, એવા અજ્ઞાને ઘેર્યા અપાર;
વાતો કરવા વીંટાયછેરે હે, જેમાં રતિયે મળે નહી સાર. સદગુરૂ. ૩
જૂઠામાં જગ મોહી રહ્યું છે, જેમાં નહીં કંઈ માલરે;
પરમારથ સમજે નહીં, કરે પેટ તનું પ્રતિપાળ. સદગુરૂ. ૪
પ્રપંચમાંથી પાર ઉતારો, જાણી પોતાનો દાસરે,
સત્સંગનું સુખ આપજો, એવી હરિચરણુની છે આશ. સદગુરૂ. ૫

પદ ૯૮ મું

(રાગ ઉપરનો)

વિઠ્ઠલ વારે આવજો, જીવ ઘેરાયો જગની જંજાળે. વિઠ્ઠલ. ૧
અનેક અવગુણુ માહરા, સ્વામી ચિત્ત ન ધરશો આપ,
બાળક અવગુણુ બહુ કરે, ગણે નહીં જેમ બાપ. વિઠ્ઠલ. ૨

માયા તમારી મહા પ્રબળ છે, બળ તણો નહીં પાર,
મ્હોટા મુનિવર ભોળવ્યા, મુજ બાળકના શા ભાર? વિઠ્ઠલ. ૩
એકલશિંગી પરાશર આદિ, નારદ શારદ દેવ,
શોધીને સપડાવીયારે, એથી છોડાવે આપની સેવ. વિઠ્ઠલ.૪
અહોનિશ અભ્યાસ અંતર કરે નરને નારરે.
પ્રેમ ભક્તિના પંથમાંરે, ઘણા પાપી તે પામ્યા છે પાર. વિઠ્ઠલ. ૫
સજના સુપચ રોહિદાસ સરખા, તારી છે ગુણિકા નારરે;
શબરી સુદામાને તારિયાંરે, મીરાંબાઇ પામ્યાં ભવપાર. વિઠ્ઠલ. ૬
વિરલ પ્રેમ હ્રદય ધરો, સદ્‌ગુરૂ શ્રી રાઘે રામરે,
દાસ જાણીને દયા કરીરે, હરિ ચરણના સુંદર શ્યામ વિઠ્ઠલ ૭

પદ. ૮૯

(રાગ ઉપરનો)

શ્રીરામ રક્ષા કરો, ધનુંષધારી ન કરશો ઢીલ. શ્રીરામ ૧
શત્રુ સેને સપડાવીયો સ્વામી કરો ધનુષ્ય ટંકારરે
અમોઘ બાણ એવાં મૂકજોરે, જેથી શત્રુનો થાય સંહાર શ્રીરામ ૨
કામ ક્રોધને મોહમત્સર, લોભને અહંકારરે,
ઈર્ષા, અસૂયા અતિ ઘણી, તેથી થાય છે સૌનો સંહાર શ્રીરામ ૩
માન મોટાઇ મનમાં વસ્યાં, અંધ બન્યાં નર નારરે
હું મારૂં મમતા ધરે, તેથી થાય અફળ અવતાર શ્રીરામ ૪

સદગુરૂએ સમજાવીયા, તોય ટળે નહીં નિજ ટેવરે,
મન મેવાસી મસ્ત છેરે, દુઃખી કર્યા રૂષિ મુનિ દેવ શ્રીરામ ૫
મન મહા વિકરાળ છે, તેને, જીતેજ વિરલા કોઇરે;
હરિચરણ હરિસાહ્યથીરે, ગુરૂ સાથે લક્ષજ જેને હોય. શ્રીરામ. ૬

પદ ૯૦ મું

(રાગ ઉપર પ્રમાણે.)

પ્રભુ જાણી પોતાનો દાસ શ્રી કૃષ્ણ કૃપા કરો.
વ્રજ વનિતાની વ્હારે ચડીયા, ઉગાર્યાં બહુ વારરે,
દ્રૌપદીનાં ચીર પૂર્યાં, પ્રભુ અંતરના આધાર. શ્રી કૃષ્ણ. ૨
નરસિંહમ્હેતાની હુંડી સ્વીકારી, હાર આપ્યો છે હાથોહાથરે,
પ્રલ્હાદનું પણ પાળવા સ્તંભ ફોડીને પ્રકટયા શ્રી નાથ શ્રી કૃષ્ણ. ૩
તાતા તેલની કડા થકી, કીધી સુધનવાની સારરે,
અનેકને ઓધારિયારે, ઘણા ભકતો પામ્યા ભવપાર. શ્રી કૃષ્ણ ૪
મીરાંબાઇનાં ઝેરજ પીધાં, ગરૂડે થઇને સ્વારરે;
ગજને જઇને ઉગારિયો પ્રભુ! પ્હેલી કીધી તેની વાર. શ્રી કૃષ્ણ ૪
વિદુરની ભાજી જમ્યા ને તાંદુલ સુદામાના સારરે;
હરિચરણ વિનતી કરે, વ્હેલી કરજો હમારી વાર. શ્રી કૃષ્ણ ૫

પદ ૯૧ મું.

(ધોળ થાળનું સદ્‍ગુરૂ મળીયા છે એ રાગ.)

પ્રભુજી પધારો મારે ઘેરરે, મને પાવન કરવા,
સેવા કરૂં હું રૂડી પેરરે, ભવસાગર તરવા. પ્રભુજી૦ ૧
ઘેબર, જલેબી, ઘણા પાકરે પીરસું બહુ નામી;
શીરો પૂરીને કંસારરે આરોગો સ્વામી. પ્રભુજી૦ ૨
બરફી, બાસુંદી ને બીરંજરે બન્યા છે સારાં;
માલપુડા ને મેસુંરરે જમો વિશ્વાધારા. પ્રભુજી૦ ૩
ભજ્યાં, ભાજી તે ભાત ભાતનાં કડકડતાં કરીઆં;
શુરણ, ભીંડાં, કારેલાં શાક બહુ બહુ તેલે તળીયાં. પ્રભુજી૦ ૪
કેસરી ભાત કમોદનો, પયસાકર ધરીયાં,
દાળ, કડીને, દુધપાક એ સૌ હાજર કરીયાં—પ્રભુજી૦ ૫
સામગ્રી સર્વે છે આપની જોઇએ તે કહેજો.
સંપત્તિ ચરણ પ્રતાપની મુખ માગી લેજો—પ્રભુજી૦ ૬
ગંગા, જમુનાં શીતળ નીરની ભરી રાખી ઝારી
મુખવાસ બીડાં ને પાન, એલચી લવિંગ સુપારી—પ્રભુજી૦ ૭
સદ્‍ગુરૂ રાધે રામરે, છો અંતરજામી,
હરિચરણને આધારરે તમારો સ્વામી—પ્રભુજી૦ ૮

પદ ૯૨ મું

(રાગ ઉપર પ્રમાણે)

ગુરૂજી ! પધારો મારે ઘેરરે, મને પાવન કરવા;
ઉપદેશ આપો રૂડી પેરરે, ભવસાગર તરવા. ગુરૂજી ૧
કાચી કાયા કિરતારેરે, કીધી છે મારી,
પળનો પણ નહીં નિર્ધાર, છે બહુ બહુ વિકારી. ગુરૂજી ૨
દેહ ધર્યાનો લાવો લીજીયે, સત્સંગ કરવા
અનુભવિયોનો ઉપદેશરે અંતરમાં ધરવા. ગુરૂજી૦ ૩
જીવને શિવનું સ્વરૂપરે કહેજો બહુનામી;
બંધન મોક્ષનું દ્વારરે બતાવો સ્વામી. ગુરૂજી૦ ૪
હું કોણને ક્યાંથી આવિયો, ક્યાં જાવું મ્હારે;
સગાં સંબંધીના સ્નેહમાં લાગ્યો છું લારે. ગુરૂજી૦ ૫
સંશોધન કરીને બતાવજો "જન્મી શું કરવું;
સેવા કે સમરણ ધ્યાનરે કઈ વિધીયે ધરવું". ગુરૂજી૦ ૬
હું તો ગુરૂજી મતિમંદરે, કંઇએ નવ જાણું;
કથા કીર્તનનાં રહસ્યરે. તે કેમ કરી માણું. ગુરૂજી૦ ૭
જાણ્યા જેવું જે કંઇ હોય તે જણાવો સ્વામી;
હરિચરણના આધારરે ગુરૂ છો ગુણગામી. ગુરૂજી૦ ૮

પદ. ૯૩ મું.

(રાગ ઉપરનો,)

સદગુરૂ દેવ દયાલરે, સેવક સુખદાતા,
વેદ પુરાણે વિખ્યાતરે, ગુણ સરવે ગાતા, સદગુરૂ. ૧
નિત્ય સમાગમ સંતનો પ્રીતિથી કરજો;
ગુરૂ ગોવિંદ બન્ને એક છે સંશય નવ ધરજો સદગુરૂ. ૨
તન, મન, ધનની સહિત સઘળું અર્પણ કરીયે
ગુરૂનાં વચન અનુસાર આજ્ઞા શિરપર ધરીયે સદગુરૂ, ૩
સાધન સાર હૃદે ધરો, નિજરૂપ નિહાળો
વિવેક વૈરાગ્યને ષટ સંપતિ જીજ્ઞાસા પાળો. સદગુરૂ. ૪
ત્રયદોષ અંતરદેશના દુર કરી નાખો,
નિષ્કામ કર્મ ભકિત વડે અમૃત રસ ચાખો. સદગુરૂ. ૫
શ્રવણ, મનન, નિદિધ્યાસને નિશદિન તે કરવા
અંતર આવરણ, મળ દોષને વિક્ષેપો હરવા; સદગુરૂ. ૬
સાતે ભૂમિકાના પંથને અનુક્રમથી જોજો,
લક્ષ લગાવી દશ દ્વારમાં મન મમતા ખોજો, સદગુરૂ. ૭
મીમાંસા શાસ્ત્રને પુરાણના નિશ્ચય ઉર ધરજો
માયા, જગતને આ જીવના બહુ ભેદો હરજો. સદગુણ. ૮
એકજ આત્મારામમાં અંતરથી ઠરજો
માયાનાં તોડી મોટા પાશને, ભવસાગર તરજો સદગુણ. ૯

કોઽહં સોઽહંકેરા અર્થને વિચારી લેજો,
ગુરૂજીએ બતાવ્યું જે જ્ઞાન તેમાં લક્ષજ દેજો, સદ્‌ગુણ. ૧૦
હરિચરણે હરિ નામમાં સુખ સાધન જોયાં
ત્રિવિધ તાપ જન્મો જન્મના તે સઘળા ખોયા; સદ્‌ગુણ. ૧૧

પદ ૯૪ મું.

(રાગ ઉપરનો.)

સદ્‌ગુરૂ શરણે હું આવીયો, ઉગારો સ્વામી,
બાનું જાણીને બચાવજો તમે અંતરજામી. સદ્‌ગુરૂ. ૧
અવગુણ અમારા તો અપાર છે કહું છું શિરનામી,
ઘડી ઘડીનો ગુન્હેગાર છું તમારો સ્વામી. સદ્‌ગુરૂ. ૨
અજ્ઞાની, દીનને અજાણ છું આવરણનો ભરીયો,
માયા તમારી મહા મોહિની, છે દુઃખનો દરિયો. સદ્‌ગુરૂ. ૩
મ્હોટા મ્હોટા પણ તેમાં ડૂબિયા કોઇ વિરલા તરિયા,
પ્રેમ ભક્તિના સુર પંથમાં રહીને ઉગરિયા. સદ્‌ગુરૂ. ૪
મ્હારા સદ્‌ગુરૂ રાધે રામરે મને ભક્તિ આપો,
હરિચરણ ગુણ ગાયરે, ભવ સંકટ કાપો. સદ્‌ગુરૂ. ૫

પદ ૯૫ મુ.

પ્રેમ ભક્તિના પૂરા પંથમાં જીજ્ઞાસુ જઇએ;
કથા કીર્ત્તનને સતસંગની ગંગામાં નાહીએ. પ્રેમ૦ ૧

ગુણ ગાતાં ગુરૂને ગોવિંદના કોઇથી નવ ડરીએ;
કુડાં કર્મો જો કરવાં હોય તો લાજીને મરીએ. પ્રેમ૦ ૨
જુવોને પ્રેમ વ્રજનારનો, જન લજજા લોપી;
હરિ ભજતાં હાર્યાં નહીં રહ્યાં જગમાં આપી. પ્રેમ૦ ૩
મીરાંએ માની મુકીને સંતોને સેવ્યા;
રાણાએ રોષ બહુ રાખીયો, તેને શિક્ષા દેવા. પ્રેમ૦ ૪
ગુણિકાને પોપટ પઢાવતાં લગ્ની તે લાગી;
વિમાને બેસીને વૈકુંઠ સંચરી એવી બડભાગી. પ્રેમ૦ ૫
બંદીછોડ ગુરૂ ભાણની બેડીયો તોડી;
મ્લેચ્છ રાજાના મદને નાખ્યો છે મોડી. પ્રેમ૦ ૬
પ્રેમા વિના તે પ્રભુ નહિં મળે બહુ ઉપાયો કરતાં;
સાધન એકજ સૌમાં શ્રેષ્ઠ છે, બીજાં તે નરતાં. પ્રેમ૦ ૭
સદગુરૂ રાધે રામજી, મને શરણે રાખો;
હરિચરણ નિજદાસને આતમપદ દાખો. પ્રેમ૦ ૮

પદ ૯૬ મું.

(રાગ—ઓધવજીનો સંદેશો.)

સાંભળને મુરખ મન શિક્ષા માહરી.
મારૂં મારૂં કરી માયામાં મુંઝાયજે;
જાગીને જાતાં તો તારૂં કંઇ નથી,
સ્વારથ માટે સંબંધી સહુ થાયજે. ૧

માત પિતા પરિવારે વીંટયો પ્રેમથી,
ઘરની નારી બહુ સારી દેખાયજો;
પુત્ર અને પુત્રીને બહુ પ્યારાં ગણે,
અંતે ત્હારૂં તેમાં કોઇ ન થાયજો. ૨
જેની સાથે પ્રીતિ તું મનમાં ગણે,
તે તો તુજને ગણે નહીં લવલેશજો;
ભ્રાંતિથી ભવસાગરમાં ભટકી રહ્યો,
શાસ્ત્ર પુરાણને સંત કરે ઉપદેશજો. ૩
સગાં સંબંધી સેવક ત્હારૂં કોઈ નહીં,
દુઃખની ઘડીયે સહાયક દીન દયાળજો;
માટે મન તું સેવ હરિગુરૂ સંતને,
પ્રેમીજનની પ્રભુ કરે પ્રતિપાળજો. ૪
જગદીશ જાણ્યા વિણુ જન્મારો વહી ગયો,
છતાં તને હજી આવે નહીં કંઈ લાજ જો;
ધિક્ ધિક્ પામર મિથ્યામાં શું મોહી રહ્યો,
ત્રાહિ ત્રાહિ ઉચ્ચારૂં છું આજજો. ૫

પદ ૯૭ મું.

(રાગ ઉપર પ્રમાણે)

જાગ જાગ જીવ અજ્ઞાને ઉંઘી રહ્યો;
પંથે જાતાં કરીયે નહીં પ્રમાદજો.

લૂટારા મળીયારે તુજને લૂટવા;
ગુરૂ વચનને મનમાં કર કંઇ યાદજો. જાગ જાગ. ૨
કામ ક્રોધ, ને મદ મત્સરમાંહિવસે,
મૂકાવી છે મ્હોટાઓની મામજો;
વોળાવા લેજોરે હરિગુરૂ સંતના;
પછી ચોરની નહીં ચાલે કંઈ હામજો, જાગ જાગ. ૩
દુર્જનના સંગેથી બહુ દુઃખ પામશો,
જન્મ મરણનો નહીં આવે કદી અંતજો.
સત્સંગત ને હરિકીર્ત્તન નત્ય સાંભળો,
સ્નેહ ધરીને સેવો સદગુરૂ સંતજો. જાગ જાગ ૪
ઉત્તમ આ અવસર ફરી ફરીથી નહીં મળે,
મનુષાદેહ મળ્યો તે મોટાં ભાગ્યજો;
"હું મારૂં" અંતરથી સઘળું મૂકજો,
કુબુધ્ધિ કેરો મનથી કરજો ત્યાગજો. જાગ જાગ. ૫
સદગુરૂ સ્વામીની સેવાને સાધવી,
રાધે ગુરૂની મ્હારે છે રખવાળજો;
હરિચરણના હેતુ થઇ ઉગારિયો,
પ્રેમ ધરીને કીધી મુજ પ્રતિપાળજો.

એકાદશી મહિમા પદ ૯૮ મું.

(હરિ ભજનથી છોટા હોય તે એ રાગ)

કરો એકાદશી, હરિ મળવાનું સાચું સાધન એજ છે,
કુડ કહાડી બ્હાર, સત્ય ધર્મને માર્ગે મુક્તિ સ્હેજ છે,

વ્રત્ત કરીને સત્યજ આચરવું; કહી અસત્ય ઉરમાં નવ ધરવું,
રૂડું બ્રહ્મચર્યનું વ્રત કરવું. કરો.--૧
મદ, મોહ. ક્રોધ મત્સર બાળી કુડ, કામ કપટ મમતાબાળી;
જપવા વ્હાલેથી વનમાળી, કરો એકાદશી. ૨
ચિત્ત ચંચળતા ભયકારી છે, વળી વૃત્તિ બહુજ વિકારી છે,
જેથી જન મનની હિંમત હારી છે; કરો. ૩
દશ ઇંદ્રિયનો મન છે રાજા, તેના વળી અધિકારી ઝાઝા,
વશ કરવાથી રહેશે માજા. કરો. ૪
રૂડી વિધિયે વૃતને આદરશે; તે જન પ્રભુનાં દર્શન કરશે,
એવા ભક્તો ભવસાગર તરશે. કરો. ૫
જે ગાય શીખેને સાંભળશે, ભક્તા ભાવ સહિત હૃદયે ધરશે,
હરિચર્ણના સ્વામી સંકટ હરશે, કરો. ૬

પદ ૯૯ સું.

(રાગ ગરબી—સાંભળને તું સજની મારી)

નાની લેતું મનવા મારા, વેદ પુરાણની વાણીજીરે.
સમજ્યા વિણ સુખ નહિં સંસારે, નિશ્ચય લેતું જાણીરે, મનવા ૧
અનેક વાર અવતરિયો જગમાં તો યે તું કેમ ભુલ્યો જીરે.
ક્ષણિક સુખ તો નથી રહેવાનું એમાં તે શું ફુલ્યોજીરે, મનવા ૨
બાજીગરનો ખેલ બન્યો છે, ભવ નાટક આ મોટું જીરે.
સાચાં સરખું દીસે છે પણ આદિ અંતે ખોટુંરે, મનવા ૩

મોટા મોટા મોહી રહ્યા છે, માયામાં મુંઝાયા જીરે.
મન, કર્મ, વચને સદ્દગુરૂ સેવે, તે જન સૌથી ડાહ્યા, મનવા ૪
રાવણુ જેવા મહાંધ મોટા, ફૂટી નાખ્યા કાળેજીરે.
કંસ, કૌરવને જરાસંધ જેવા, ધ્રુજે જેની ફાળે, મનવા ૫
એવાનો અહંકાર ન રહીયો, બીજા તે કોણુ માત્ર જીરે.
જમકિંકર ઝાલીને અંતે મારી ભાગે ગાત્ર, મનવા ૬
શેરખીવાસી સદ્દગુરૂ સ્વામી રાધે અંતર્યામીજીરે.
હરિ ચરણ હરિ વિનંતી કરે છે, ચરણુ કમળ શિર નામી, મનવા ૭

પદ ૧૦૦ મું સાત વાર.

(રાગ ઉપરનો.)

સદ્દગુરૂ દેવ દયા કરજો કંઇ સેવકના સુખદાતાજીરે,
મન, કર્મ, વચને માન મૂકીને શરણુ ગ્રહ્યું સુખશાતા.
શરણે રાખોનેરે. ૧
સોમવારે શ્રી સદ્દગુરૂ મળીયા, સંકટ મ્હારા હરવાનેરે;
જન્મ મરણનું જોખમ ટાળ્યું સેવકને સુખ કરવા. શરણે૦ ૨
મંગળવારે મ્હેર કરીને મોહન મળ્યા મોરારીજીરે;
સોહં શબ્દ શુણાવી મનની ભ્રાંતિ સર્વ નિવારી. શરણે૦ ૩
બુધ્ધે બહુનામી પ્રભુ મ્હારા, બળિયા વરતું બ્હાનુંજીરે;
લોક લાજ શું કરવા ધરીયે? છુપાવ્યું ન રહે છાનું. શરણે૦ ૪

બ્રહસ્પિતવારે ભવસાગરથી, તાર્યો દીનાનાથેજી;
નામ નૌકામાં બેસાડયો પ્રેમે પકડી મ્હારો હાથ. શરણે૦ ૫
શુક્રવારે સુરતા હમારી, સદગુરૂ શબ્દે સાંધીજીરે;
દયા કરો ગુરૂદેવ મુરારી, મટાડો મનની વ્યાધિ. શરણે૦ ૬
શનિવારે સમજાવી સાને અમને ઉપદેશ આપ્યોજીરે
વિશ્વમાં એવી વસ્તુ નથી કંઇ ભેટ શું ધરીયે તમને. શરણે૦ ૭
રવિવારે શ્રી રામ હૃદયમાં ઓળખાવ્યા અવિનાશીજીરે,
શુધ્ધ ભાવથી સેવા કરીયે, એવી છે મુજ આશ. શરણે. ૮
ગાય શીખેને સાંભળે તેનો સ્વર્ગે થાયે વાસજીરે,
રાધે સદગુરૂ સ્વામી પ્રતાપે, ગુણ ગાય હરિચરણ દાસ. શરણે૦ ૯

૧૦૧

(રાગ ઉપરનો)

ગુરૂ ગોવિંદના ગુણગણ ગાતાં જન્મ મરણ દુઃખ જાયેજીરે.
આવાગમનની આપદ ટળતાં, સ્થિર સુખશાંતિ થાયેજીરે. ૧
રાત દિવસ એ રટનજ કરવું સમરણમાં ચિત્ત ધરવુંજીરે;
દુરિજન દુષ્ટો અંધ અભાગી, તે થકી ઉર નવ ડરવું.
ગુણગણ ગાઇએજીરે,
પરમેશ્વરની પાવન કથામાં નિત નિત આપણે નાઈએજીરે;
લાજ મર્યાદા લોકની મૂકી, મુખે હરિગુણ ગાઇએ. ગુણગણ૦

માંડ માંડ મનુષાદેહ મળીયો, પૂર્વ જન્મને પુણ્યેજીરે; ૪
પ્રેમભક્તિથી પાર ઉતરવું રાખો નહીં કંઇ ન્યૂન. ગુરૂગુણ૦
જન્મ ધરી જેણે હરિ નહીં જાણ્યા જનની ભારે મારીજીરે;
છળ કપટને પરની નિંદા એવા બુદ્ધિ દ્યો બાળી. ગુરૂગુણ૦
હરિજનમાંહિ હેતજ રાખો, સંત શિખામણ ધારીજીરે.
ગુરૂ પ્રતાપે હરિચરણ ગાયે ભજે તેની બલિહારી. ગુરૂગુણ૦

પદ ૧૦૨

સમય અનુસાર રાગનું ઘોળ

સતસંગ કરશો તો ભવ જલ તરશો બીજી નથી કોઇ બારીરે.
પ્રેમભક્તિ પંથજ પકડો એ સર્વથી ગત ન્યારીરે ટેક, ૧
સેવાને સમરણ હરિભજનમાં આઠે પોર એકતારરે.
એવા સંતનો સંગજ કરતાં, ઊતરશો ભવપારરે—સત, ૨
અક્રોધી ઇંદ્રીજીત પોતે સત્યવક્તા છે સારરે;
ક્ષમા દયા ને દીનતા ધારી રાગ દ્વેશથી રહીતરે; સત, ૩
નિર્લોભી દાતા નિર્પક્ષી સંત સેવના સહીતરે;
નેણમાં અમૃત વેણ મધુરા સંત સંગતમાં સુરારે સત, ૪
શરણે આવ્યાના સંકટો કાપે એવા પંડિત પૂરારે;
રાધે ગુરૂ સમર્થ સ્વામી બોધ કર્યાં બહુ નામીરે; સત, ૫
હરિચરણ છે દાસ હજુરી વેદના સરવે વામીરે;

પદ ૧૦૩

રાગ ઉપરનો.

અવળાં આચરણ મુકી દઇને શિષ્ટાચરણમાં રહેવુંરે,
ગુરૂ ગોવિંદની સેવા કરીને રામ કૃષ્ણ સુખ લેવુંરે. અવળા૦ ૧
દોષ પોતાના દૂર કરીને ગુણગ્રાહી સૌ થાવોરે,
કથા કીરતનને સંત સમાગમ કરવાને નીત જાઓરે. અવળા૦ ૨

લોક વિરૂદ્ધ કાંઇ કામ ન કરશો લોકાપવાદથી ડરવુંરે,
સારૂં કરતા વિલંબ ન કરશો સરવેના પેલું કરવુંરે. અવળા. ૩
લોક વહેવારમાં સીધો હોય તો પ્રભુના મનમાં ભાવેરે,
સંત સંગ થાતાં વારઃના લાગે બોધ હૃદયમાં આવેરે. અવળા. ૪
બોલ્યું અમારૂ પળાવો સ્વામી દાસનો દોષ નિવારોરે,
હરિચરણ છે દાસ તમારો ભવસાગરથી તારોરે. અવળા. ૫

પદ ૧૦૪

(રાગ ઉપરનો)

સાંભળ મન શીખામણ સારી માન કહ્યું તું મારૂરે
આતો સરવે હરિની માયા એમાં નથી કંઈ તારૂંરે સાંભળ ૧
મિથ્યા સુખમાં મુરખ તુજને સાચું તે કેમ ભાસેરે
સ્વપ્ના સરખું એ તો સરવે, વેદ પુરાણની આશેરે; ૨
તારૂં હોય તો તારી સાથે અંતે સરવે આવેરે
હાથે કરે તે સાથે આવે ભગવતને મન ભાવેરે ૩
તન મન ધન તે સરવે હરિનું હરિના થઇને રહીએરે
ગુણ અવગુણ તે મનમાં સમજી હરિ રાખે તેમ રહીએરે ૪
કડવું કહેતાં દુખજ લાગે મીઠી વાણી ધારોરે
હૃદયા માહી રામજી સમરો ગુરૂ વચનને પાળોરે ૫
રાધે સદગુરૂ સ્વામી હમારી મન વાણી શુધ્ધ કરજોરે
હરિચરણ તો દાસ હરિનો સંકટ સરવે હરજોરે ૬.

પદ ૧૦૫

ઉપરનો રાગ સમય અનુસાર ધોળ.

નામ સમરણ જેવું ન મળે બીજું સાધન એકરે,
મન કર્મ વચને માન મુકીને, રાખો નામની ટેકરે. નામ સમરણ. ૧
નામ લેવાથી નિર્ભય થાશો, બેસે નહિ કંઇ દામરે,
કલેશ એમાં કાંઇ નથી ને, ખાળે નહિ કંઇ કામરે. નામ સમરણ. ૨

નામ તણો છે મહિમા મોટો ચડો જો નામ ને નાવરે,
સદગુરૂ છેવટ પાર ઉતારે જીતી લ્યો જગદાવરે, નામ. ૩
નામ સમરણુથી નર નીપજ્યા પીપોને પ્રહલાદરે,
ધરૂવ અંબરીશે પણ લીધુ આણી મન હુલાશરે. નામ. ૪
અજામિલ ઉગારી લીધો નામ નારાયણનું લેતારે,
એવું પદ તો મળવું દુર્લભ દાન દક્ષણા દેતારે. નામ. ૫
ગુણુકા પોપટ પઢાવતાં મન માંહે લે લાગીરે,
વૈકુંઠ ગઇ વિમાને બેસી એવી થઇ બડ ભાગીરે. નામ. ૬
નામ નિશાનો તાકી રેજો મુમુક્ષુ મહાજનરે,
હરિચરણ હરિનામને સમરો રાખીને શુદ્ધ મનરે. નામ. ૭

૧૦૬

નાથ કેશે ગજકો બંધ છોડાયો.

નાથ તમે ભકતના ભયને હરીયા, ધર્મ સ્થાપવા અવતાર ધરીયા;
નાથ તમે.
ભકિત કરવાથી ભય સર્વ જાયે એવું સ્તુતિ સ્મૃતિ ગાયે;
બાહીર તીર્થ કરે નહિ પામે જયરે સત્સંગ સરીતામાં નાયે. નાથ.
પ્રહલાદે પ્રભુને આરાધ્યા ત્યારે નરસિંગ અવતાર ધાર્યો;
ભકતજનોના ભય નિવારી દૈત્ય હરણાકશ મારો. નાથ તમો.
વિભીશણ પ્રભુને શરણે આવ્યા ત્યારે અવિચળ રાજ્યજ આપ્યું;
રાજા રાવણને રણમાં રોળી કષ્ટ ભકતોનું કાપ્યું. નાથ તમો.
નરસીંહ મહેતાની હુંડી સ્વીકારી આધ્ધ કર્યું સુખકારી;
પોપટ પઢાવતા લગની લાગી ત્યારે તારી છે ગુણકા નારી. નાથ તમે,
ગરૂડે ચડીને ગજેંદ્રને તાર્યો સંકટ સરવે નીવારી;
રાધે સદ્‌ગુરૂ સ્વામી પ્રતાપે હરિચરણ જાય બલિહારી, નાથ તમે.

૧૦૭ પદ

નાંથ કેસેં ગજકો બંધ છોડાયો.

પ્રભુ તમેં શરણાંગત સુખકારી;
આશ્રિત જનોને લીધા છે ઉગારી (પ્રભુ તમો)
કૌરવ કુળનો નાશ કરીને પાંડવની પ્રતિજ્ઞા પાળી,
બાણાસુર જેવા જે બળીઆ તેઓને નાખ્યા છે મારી (નાથ તમો)
વાળી સાથે વેર કરીને સુગ્રીવને સહાય કીધી,
સુદામાનું સંકટ કાપીને અખુટ સંપતી દીધી, (નાથ તમો)
સુધનવાની સહાય કરીને સંકટ માહેથી તાર્યા,
કંસ કૌરવ જરાસંઘ જેવા દૈત્યોનાં દળ માર્યાં. નાથ તમો.
રંકારે વંકા રોહીદાશ જેવાને અનેકનેરે ઉગાર્યાં.
રાધે સદગુરૂ સ્વામી પ્રતાપે દાસ હરિચરણ ગુણ ગાયા, નાથ તમે,

પદ ૧૦૮

રાગ ઉપરનો

સીતારામ સરવસ્વ છે તમારૂં, એમાં કાંઈ નથી પ્રભુ મારૂં; સીતારામ ૧
મારૂં મારૂં સર્વ માનીને બેઠા નથી જાતુંરે કંઇ સાથે
પુન્ય પરમારથે અર્થ આપે તે તો આવે તેની સાથે-સીતા રામ૨
મારૂંરે હોય તો મારીરે સાથે કેમ સદા નથી રેતું
જળની મહીં જેમ કાષ્ટ તણાતુ જાય છે વામાં વેહેતુ-સીતારામ ૩
મારૂંરે મનમાં માનો નહી ને સરવસ્વ છેરે હરિનું.
પ્રસાદીનું પોષણ કરશે તેને તે બંધન શેનું-સીતારામ ૪
રાધે સદગુરૂ સમરથ મળીયા હરિચરણ દુઃખ હરતા
અભય બોધ આંપ્યો છે અમને સર્વેનુ મંગલ કરતા-સીતારામ ૫.

આભાર દર્શન.

કુંડલીઆ.

રણછોડ જોશી રીઝીયા, કાશીસુત કૃપાળ,
કીર્તનમાં કરી પ્રેરણા. ગુણ ગાવા ગોપાલ.
ગુણ ગાવા ગોપાળ ઉરે ઉછરંગ ધરીને,
કરે સફળતા સધ ગુરૂજી કૃપા કરીને.
હરિચરણ હરિ ભજનમાં, મમજી અંતર સીઝીયા,
કાશીસુત કૃપાળ રણછોડ જોશી રીઝીયા.

વસન્ત પ્રયાસ.

ભાવીક જન લેખક થયા, વ્હાલા વસન્ત વીર,
પ્રેમ થકી પદ શોધીયાં, મનમાં રાખી ધીર;
મનમાં રાખી ધીર, પરિશ્રમ લીધો પૂરો,
તન મનથી કરી સેવ, હરિ સમરણમાં શૂરો.
હરિચરણ હિત ચિંતવી હરિ નગરીમાં લઈ ગયા;
વ્હાલા વસન્ત વીર ભાવિક જન લેખક થયા.

જીતામુનિ ગુણાગાન.

જીત્યા મુની નગરમાં, નારાયણ નિરધાર,
યોગ ભક્તિને આદરી, પહોંચ્યા ભવજલ પાર;
પહોચ્ય ભવ જળ પાર. જીવનું સંકટ કાપ્યું;
સેવક શરણાધીન, એમને અભયદાન આપ્યું;
હરિહરાનંદ હેતે ભજો, ઉતારે ભવપાર,
જીત્યા મુનિ જગતમાં, નારાયણ નિરધાર.
સુરત શેહેર સોહામણું. તાપીતીર નિવાસ.
જીત્યા મુનિ ત્યાં જગતની, પૂરે મનની આશ;
પૂરે મનની આશ, ભાવથી ભક્તિ કરશે;
મન કર્મ વચને દાસ, તેમના સંકટ હરશે;
હરિહરાનંદ હર ભજો, છુટે ભવનો પાશ;
સુરત શેહેર સોહામણું. તાપી તીર નિવાસ.

શ્રી ગણેશાનમઃ

અગાઉથી નામ નોંધાવનાર પરોપકારી

આશ્રમદાતાઓનાં નામ.

પુસ્તકો.	નામ	ઠેકાણું.	ગામ.
૨૦૦	શ્રી શેરખી ભાણુ—રવિ આશ્રમ તરફથી મહંત શ્રી રામપ્રસાદજી.		
૯	પા. હરીભાઈ પ્રતાપસીંગ હા. પ્રભાતસંગ.	ઉતરાયણ.	અમરોલી.
૧૦૫	ભાઈલાલભાઇ નરોતમભાઇ	ઉતરાયણ.	અમરોલી.
૨૫	ભાઇ ભીખાભાઇ જીવણભાઇ	રા. ૩ રોકડા.	અમરોલી.
૧૦૧	ભક્ત પરસોતમભાઇ જીવણજી	ઉતરાયણ.	અમરોલી.
૨૫	ઠા. વસનજી દયાળજી ગણાત્રા	સુરત.	
૨૫	જોશી રણછોડલાલ કાશીરામ	સુરત સોની ફળીઊં.	
૨૧	ભાઈ પ્રેમાભાઇ ગબાભાઇ	ઉતરાયણ	અમરોલી.
૨૫	બાલાભાઈ નાથાભાઇ	રામપુરા	સુરત.
૨૫	સ્વામીજી ચંદ્રશેખર	સુરત લાલ દરવાજાની બહાર.	
૧૧	હીરાલાલ આતમારામ	કંસારાશેરી સુરત.	
	ભાઇ પરભુદાસ ગંગાદાસ	રામપુરા	સુરત.
	ખુસાલભાઇ શાંતીરામ	રામપુરા	સુરત.

૧૧ ભાઇ ચુનીલાલ દયારામ રામપુરા
૨૫ ભાઇ ઈચ્છારામ ભીખાભાઇ રામપુરા
૧૧ ભાઇ નાથાભાઇ ગહાલજી ઉતરાણ
૧૫ મોતીરામ રાઘવજી લાલદરવાજા મોતીરે
૧૦ સમરતરામજી લાલદરવાજા મોટીસેર
૧૦ ગાંધી જેઠાભાઇ ભૂખણદાસ બરાનપુરી ભાગળ
હા. છબીલદાસભાઇ
૨૫ હરિશંકર જદુરામ બ્રાહ્મણ લાલદરવાજા ગુંડીશે
૫ મગનલાલ માધવલાલભાઈ રૂગનાથપુરા બોર
૨૫ સુથાર બેહચર કુબેરજી ,, ,,
હા. વખતબાના પત્રથી
૫ પા. ફુલજીભાઇ હા. કંકુબાના કહેવાથી
૫ ઠકર શીવલાલ જગજીવન
૮ પા. અમથાભાઇ ખંડુભાઇ
૮ શા. વલ્લભદાસ નરોતમદાસ
૫ ઠા. દામોદર પદમસી
૫ ઠા. રણછોડ જવેર ગામ થાણા થાણા.
૧૦ ઠા. લલુભાઇ મોરારજી વેછમા.
૧ ભાઈ પરસોતમ મોરાર અમરોલી.
૧ પા. ગીરધરભાઇ નારણજી ઉતરાયણ અમરોલી.
૧ પા. નાગરજી કલ્યાણજી અમરોલી.
૨૫ ગામ શ્રીગાંમના ઠા, ગીરધરલાલ મોતીલા
નરબદી શ્રી સ્વામી હરિચરણની ચેલી રસ
તેમના કલ્યાણ અર્થે પુસ્તકો ખાસ ધરમા
ણને બક્ષીસ આપવાને માટે.

ગનાથ		કોસાડ
નાથુરામ		કોસાડ
રણછોડદાસ પટેલ	છાપરાભાથા	અમરોલી
...રભાઈ નાથુરભાઇ	ઉતરાયણ	અમરોલી
...રજી થુજભાઇ	ઉતરાયણ	અમરોલી
વણુજી દુલભભાઇ	સંગવા	
...છારામ જીવણજી	ઉતરાયણ	અમરોલી
નારણદાસ વેલજી		અમરોલી

નગીનદાશ દામોદરદાશ કુભાર ટુકડો મુંબઇ ગીરગામ

કમીશન એજન્ટ

છબીલદાસ જેઠાભાઇ

મોહનલાલ પ્રાણજીવનદાસ

માસ્તર

જેકીસન રણછોડ મોરીસી તાલુકે કા. કેહસીનેદર મુ. સુરત

મોહનલાલ પ્રાણજીવનદાસ રાણીતળાવ

પરભુદાસ ત્રીભોવનદાસ

પુંજાભાઇ જમનાદાસ.

ફકીરભાઇ વલભદાસ.

પા. મંછારામ ભગવાન કોસાડ.

રા. રા. નાનચંદ જીવરામ મુંબઇ.

...ભાઇ લખમીચંદ મુંબઇ.

वैद्यक

ઘણી ઃ સ્ત

આયુષ્ય ૧
સુખ કારી કેવી
જીંદગી લાંબા ર
ઘણી અમૂલ્ય ર
હાલ ફક્ત રૂ. ૦

આર્યભિષક-
વૈદ થવું હોય એ
જરૂર આ પુસ્તક
કરેલું અમૂલ્ય પુ:
રૂ. ૫—૦—૦ કીં
આપીએ છીએ

અમૃત
૧ અમૂલ્ય પ્રાગી

સુંદર ચીજો

ભાવ